નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053    RNI Reg. No. GUJGUJ/2023/85765    Daily Morning Newspaper

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ | Date :13 JANUARY 2025 | MONDAY | Page :8 | Year : 2 | Issue :240 | Price: 2/-




દેવભૂમિ દ્વારકામાં સતત બીજા દિવસે ડિમોલિશન, ૭૬ ગેરકાયદે દબાણો દુર

જુઓ પેજ નં.૪



# વિશ્વના સૌથી મોટા મેળાવડા 'મહાકુંભ' નો આજથી પ્રારંભ

## ૨૬મી ફેબ્રુઆરી સુધી ચાલનારા આ મહાકુંભમાં ૩૫ કરોડ શ્રદ્ધાળુઓ ભાગ લઈ શકે છે

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં એક જ સ્થળે વિશ્વના સૌથી મોટા માનવ મેળાવડા એવા મહાકુંભનો સોમવારથી પ્રારંભ થઇ રહ્યો છે. ૪૫ દિવસ સુધી ચાલનારા આ મહાકુંભમાં લાખો શ્રદ્ધાળુઓ ભાગ લેશે. ગંગા, સરસ્વતી અને યમુનાના પવિત્ર સંગમ સ્થળે શ્રદ્ધાળુઓ ડુબકી લગાવીને શાહી સ્નાન કરશે. પરંપરા મુજબ ૧૨ વર્ષ બાદ આ મહાકુંભનું આયોજન થયું છે જેને પગલે અગાઉ કરતા વધુ લોકો શાહી સ્નાનનો લાભ લે તેવી શક્યતા છે. ઉત્તર પ્રદેશ સરકારને આશા છે કે ૨૬મી ફેબ્રુઆરી સુધી ચાલનારા આ મહાકુંભમાં ૩૫ કરોડ શ્રદ્ધાળુઓ ભાગ લઇ શકે છે.

સોમવારે મહાકુંભની શરૂઆત થાય તેના બે દિવસ પહેલા જ શનિવારે ૩૫ લાખ શ્રદ્ધાળુઓએ અહીંયા શાહી સ્નાન કર્યું હતું. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ પ્રયાગરાજમાં મહાકુંભની વ્યવસ્થાના પરિક્ષણ માટે આવ્યા હતા. ૧૩મી જાન્યુઆરીથી મહાકુંભની શરૂઆત થઇ રહી છે જેમાં શાહી સ્નાનની તારીખો પણ જાહેર કરાઇ છે જે મુજબ ૧૩, ૧૪ અને ૨૯મી જાન્યુઆરીએ એટલે કે આ મહિને ત્રણ શાહી સ્નાન થશે. ફેબ્રુઆરી મહિનામાં ૩, ૧૨ અને ૨૬ તારીખે શાહી સ્નાન કરવામાં આવશે. મહાકુંભ ૨૦૨૫ અનેક રીતે અલગ માનવામાં આવે છે.

શ્રદ્ધાળુઓની સુવિધા માટે મહાકુંભ સ્પેશિયલ સાત હજાર બસો ચલાવવાનું આયોજન ઉત્તર પ્રદેશ રોડવેઝે કર્યું છે. જ્યારે જે સ્થળે મેળાવળો ભરાઇ રહ્યો છે ત્યાં જ ૫૫૦ શટલ બસો ચલાવવામાં આવશે. અહીંના આયોજન સ્થળે ૨૮ હજારથી વધુ શૌચાલય બનાવવામાં આવ્યા છે. સાફ સફાઇ માટે ૧૫ હજાર સફાઇકર્મીઓ તૈનાત કરાયા છે. શ્રદ્ધાળુઓને કોઇ અસુવિધા ના થાય તે માટે ૧૦૧ સ્માર્ટ પાર્કિંગ સ્થળ બનાવવામાં આવ્યા છે. જેની એક દિવસની ક્ષમતા પાંચ લાખ વાહનોના પાર્કિંગની છે. મેળા ક્ષેત્રમાં પાણીની સુવિધા માટે ૧૨૫૦ કિલોમીટર લાંબી પાઇપલાઇન લગાવાઇ છે. આ ઉપરાંત ૬૭ હજાર એલઇડી લાઇટો, બે હજાર સોલર લાઇટો અને ત્રણ લાખ વૃક્ષો લગાવવામાં આવ્યા છે.

મહાકુંભનું એક મહત્વ એ પણ છે કે જે સ્થળે તે યોજાઇ રહ્યો છે ત્યાં એક કામચલાઉ મોટુ નગર ઉભુ કરાયું છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું હતું કે આ સ્થળે એક સમયે ૫૦ લાખથી એક કરોડ શ્રદ્ધાળુઓને સમાવવાની ક્ષમતા છે. રાજ્યના મુખ્ય સચિવ મનોજ કુમારના જણાવ્યા મુજબ સમગ્ર કુંભ મેળા પર ચાંપતી નજર રાખવા માટે ૫૫ પોલીસ સ્ટેશન ઉભા કરાયા છે, સુરક્ષા માટે ૪૫૦૦૦ પોલીસ જવાનો તૈનાત કરાયા છે.

# ગયા વર્ષે દેશમાંથી ૧૬૯૧૪ કરોડ રૂપિયાનું ડ્રગ્સ ઝડપાયું : અમિત શાહ

નવી દિલ્હી : કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે કહ્યું હતું કે ડાર્ક વેબ, ક્રીપ્ટોકરન્સી, ઓનલાઇન માર્કેટપ્લેસ અને ડ્રોન્સ દેશ માટે મોટો પડકાર બની રહ્યા છે, અને આકરા પગલા દ્વારા તેની ચકાસણી થવી જરૂરી છે. દિલ્હીમાં ડ્રગ્સ તસ્કરી અને રાષ્ટ્રીય સુરક્ષા પર આધારિત સ્થાનિક કોન્ફરંસમાં ગૃહ મંત્રીએ આ નિવેદન આપ્યું હતું. તેમણે દાવો કર્યો હતો કે દેશમાં એક પણ કિલો ડ્રગ્સ નહીં ઘૂસવા દેવાય. તેમણે કહ્યુ હતું કે વર્ષ ૨૦૨૪માં સમગ્ર દેશમાંથી એનસીબી, પોલીસ દ્વારા ૧૬,૯૧૪ કરોડ રૂપિયાનું ડ્રગ્સ જપ્ત કરાયું છે.અમિત શાહે જણાવ્યું હતું કે સરકારે ન માત્ર ડ્રગ્સ નેટવર્કને તોડયું છે સાથે સાથે ડ્રગ્સ નેટવર્ક અને આતંકવાદ બન્ને વચ્ચેની લિંકનો પણ નાશ



કર્યો છે. જમ્મુ કાશ્મીર, પંજાબ, ગુજરાત, ઉત્તર પ્રદેશમાં અનેક નાર્કો-ટેરેરિઝમના કેસોને ખુલ્લા પાડવામાં આવ્યા છે. આજે પણ ડાર્ક વેબ, ક્રીપ્ટોકરન્સી, ઓનલાઇન માર્કેટપ્લેસ અને ડ્રોન મોટો પડકાર રહ્યા છે. દેશની સુરક્ષા અને વિકાસ

**યુવાનો ડ્રગ્સના નશાથી મૂક્ત ના થાય ત્યાં સુધી કોઇ દેશનો વિકાસ શક્ય નથી, સંયુક્ત પ્રયાસોની જરૂર : ગૃહ મંત્રી ડાર્ક વેબ, ક્રીપ્ટોકરન્સી, ઓનલાઇન માર્કેટપ્લેસ અને ડ્રોન્સ હજુ પણ દેશ માટે મોટા પડકારો છે તેવો દાવો**

માટે કેન્દ્ર સરકાર, રાજ્યો અને ટેક્નોક્રેટ્સે સાથે મળીને સંયુક્ત પ્રયાસ કરીને આ તમામ સમસ્યાઓનું ટેક્નીકલ સમાધાન શોધવું જોઇએ.

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે ઝડપાયેલા ડ્રગ્સના આંકડા પણ જાહેર કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે દેશના વિવિધ રાજ્યોની પોલીસ, નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યૂરો (એનસીબી)એ સંયુક્ત અભિયાન દરમિયાન ગયા વર્ષે ૧૬,૯૧૪ કરોડ રૂપિયાનું ડ્રગ્સ જપ્ત કર્યું છે. કોઇ પણ દેશના યુવાનો ડ્રગ્સના દુષણથી પીડિત હોય ત્યાં સુધી દેશનો વિકાસ ના થઇ શકે. આપણી જવાબદારી બને છે કે આ ડ્રગ્સના નશા સામે અભિયાન ચલાવીએ. વર્ષ ૨૦૦૪થી ૨૦૧૪ દરમિયાન કુલ ૩.૬૩ કિલો ડ્રગ્સ જપ્ત કરાયું હતું, જ્યારે વર્ષ ૨૦૧૪થી ૨૦૨૪ દરમિયાન ૨૪ લાખ કરોડનું ડ્રગ્સ જપ્ત કરાયું છે. એટલે કે અગાઉના દસકા કરતા સાત ગણુ વધુ ડ્રગ્સ જપ્ત કરાયું છે. વર્ષ ૨૦૦૪થી ૨૦૧૪ દરમિયાન ૮૧૫૦ કરોડ રૂપિયાના ડ્રગ્સનો નાશ કરાયો હતો, પરંતુ વર્ષ ૨૦૧૪થી ૨૦૨૪ દરમિયાન ૫૪,૮૧૫ કરોડ રૂપિયાના ડ્રગ્સનો નાશ કરાયો છે.

## તંત્રી લેખ

–રાજેશ યુ. બગડાઈ

# ડોલરની અર્થવ્યવસ્થા



નવા વર્ષની શરૂઆત વિકસિત ભારત માટે એક નવા સંકલ્પ સાથે થઈ છે. વડાપ્રધાન મોદીએ દેશના લોકોને કહ્યું છે કે સરકાર ૨૦૪૭ સુધીમાં દેશને ૩૦ ટ્રિલિયન ડોલર એટલે કે ૩૦ લાખ કરોડ ડોલરની અર્થવ્યવસ્થા બનાવવા માટે તમામ પ્રયાસો કરશે. ભારતની આઝાદીના ૧૦૦ વર્ષ પૂર્ણ થવામાં હજુ ૨૨ વર્ષ બાકી છે અને ત્યાં સુધી ભારતને વિકસિત રાષ્ટ્રમાં પરિવર્તિત કરવાની આ યાત્રામાં ઘણા સુખદ વળાંકો આવશે. વિકસિત ભારત તરફની આ યાત્રામાં, ડિજિટલ ફેબ્રિક અથવા અર્થતંત્રએ અન્ય ક્ષેત્રોની સાથે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવી જોઈએ. અંદાજ મુજબ, ભારતમાં ડિજિટલ અર્થતંત્ર ૨૦૨૩ માં ૧૭૫ બિલિયન ડોલરનું હશે અને તે આગામી ત્રણ વર્ષમાં ૧ ટ્રિલિયન ડોલર સુધી વધી શકે છે. પ્રકાશિત થયેલા ડેટા અનુસાર, ડિજિટલ અર્થતંત્ર જેનો ૨૦૧૪ માં દેશના કુલ સ્થાનિક ઉત્પાદનમાં માત્ર ૪.૫ ટકા હિસ્સો હતો, તે ૨૦૨૬ સુધીમાંના ૨૦ ટકા થઈ જશે.

ડિજિટલ અર્થતંત્રમાં તેજી, ઝડઈ દ્વારા વ્યવહારોની લોકપ્રિયતા, ઝડપથી વિસ્તરતું ક્વિક કોમર્સ (માલની ઝડપી ડિલિવરીની સુવિધા), સ્ટાર્ટઅપ કંપનીઓમાં યુનિકોર્ન (૧ બિલિયન ડોલરથી વધુ મૂલ્ય ધરાવતી કંપનીઓ) ની વધતી સંખ્યા, ફાઈવ-જી ની મદદ અને સિક્સ - જી ટેકનોલોજી વગેરેમાંથી ઉદભવતી નવીનતાઓ અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (અઈ) ના જાદુમાં અનેકગણો વધારો થઈ શકે છે. પરંતુ આ બધું વાસ્તવિકતામાં ફેરવવા માટે, ગ્રામીણ વિસ્તારોમાં મૂળભૂત ટેલિકોમ્યુનિકેશન નેટવર્કને મજબૂત બનાવવું જોઈએ અને મોબાઇલ ગ્રાહકોની સંખ્યામાં વધારો કરવો જોઈએ. છેલ્લા કેટલાક વર્ષોમાં, ટેલિકોમ્યુનિકેશન ક્ષેત્રમાં ડિજિટલ સુવિધાઓના સંદર્ભમાં દેશના શહેરી અને ગ્રામીણ વિસ્તારો વચ્ચેનો તફાવત નોંધપાત્ર રીતે ઘટયો છે, પરંતુ આ દિશામાં હજુ પણ ઘણો લાંબો રસ્તો કાપવાનો બાકી છે.

તાજેતરમાં નીતિ આયોગના સીઈઓ બી.વી.આર. સુબ્રમણ્યમે કહ્યું હતું કે ૨૦૪૭ સુધીમાં ૩૦ ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા બનવાની મહત્વાકાંક્ષા સાથે, વાસ્તવિકતા એ છે કે દેશનો ૯૦% વિકાસ કરવાનો છે. તેથી, હજુ પણ ગ્રામીણ ભારતનો લગભગ અડધો ભાગ એક યા બીજા કારણોસર ટેલિકોમ સેવાઓથી વંચિત છે, જેનો અર્થ એ થાય કે ત્યાં વિકાસ માટે ઘણી તકો છે. આ વૃદ્ધિના આધારે, ડિજિટલ અર્થતંત્ર તો આગળ વધશે જ, પરંતુ વિકસિત ભારતનું સ્વપ્ન પણ પાંખો પકડશે. ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (ઝછઅઈ) ના તાજેતરના ડેટા અનુસાર, ગ્રામીણ વિસ્તારોમાં ટેલિફોન ગ્રાહકોની સંખ્યા શહેરી વિસ્તારોની નજીક પહોંચી રહી છે. ઓક્ટોબર ૨૦૨૪ સુધીમાં, શહેરી ટેલિફોન ગ્રાહકોની સંખ્યા ૬૬.૦૪ કરોડ હતી અને ગ્રામીણ વિસ્તારોમાં તે વધીને ૫૨.૭૮ કરોડ થઈ ગઈ હતી. મોબાઈલ સેવાઓમાં અંતર હજી પણ ઓછું છે.

શહેરી વિસ્તારોમાં તેના ૬૨.૫૫ કરોડ કનેક્શન અને ગ્રામીણ વિસ્તારોમાં ૫૨.૪૮ કરોડ કનેક્શન હતા. પરંતુ ટેલિડેન્સિટી ડેટા (વિસ્તારમાં ૧૦૦ લોકો દીઠ ટેલિફોન કનેક્શનની સંખ્યા) શહેરી અને ગ્રામીણ વિસ્તારો વચ્ચેના અંતરનું સાચું ચિત્ર દર્શાવે છે. શહેરી વિસ્તારોમાં ટેલિડેન્સિટી ૧૩૧.૩૧ હોવાનું નોંધાયું છે, જ્યારે ગ્રામીણ વિસ્તારોમાં તે માત્ર ૫૮.૩૯ છે. એક દાયકા પાછળ જઈએ તો, ઓગસ્ટ ૨૦૧૪ માં, શહેરી વિસ્તારોમાં ટેલિ-ડેન્સિટી ૧૪૭.૫૪ હતી, જે આજ કરતા ઘણી વધારે છે. બીજી બાજુ, ગ્રામીણ વિસ્તારોમાં તે માત્ર ૪૪.૬૭ હતી, એટલે કે, આજની સરખામણીમાં ઘણું ઓછી. જો આપણે આંકડાઓને ઊંડાણપૂર્વક જોઈએ તો, તે સમયે શહેરોમાં ટેલિફોન ગ્રાહકોની સંખ્યા ૫૬.૬૬ કરોડ હતી અને ગ્રામીણ વિસ્તારોમાં તે ૩૮.૫૨ કરોડ હતી.

# કોંગ્રેસની ત્રીજી ગેરેન્ટીની જાહેરાત, દિલ્હીના બેરોજગાર યુવાનોને દર મહિને રૂ. ૮,૫૦૦



દિલ્હી વિધાનસભા ચૂંટણીને લઈને કોંગ્રેસ પાર્ટીએ ત્રીજી ગેરેન્ટીની જાહેરાત કરી છે. કોંગ્રેસે પોતાની આ ગેરેન્ટીને 'યુવા ઉડાન યોજના' નામ આપ્યું છે, જે હેઠળ બેરોજગાર શિક્ષિત યુવક-યુવતીઓને એક વર્ષના અપ્રેન્ટિસશિપ હેઠળ દર મહિને ૮,૫૦૦ રૂપિયા આપવામાં આવશે. કોંગ્રેસની આ ગેરેન્ટીની જાહેરાત રાજસ્થાનના પૂર્વ નાયબ મુખ્યમંત્રી અને કોંગ્રેસના દિગ્ગજ નેતા સચિન પાયલટે કરી છે.

આ યોજનાનું એલાન કરતા સચિન પાયલટે કહ્યું કે, 'આજે સ્વામી વિવેકાનંદની જયંતી છે. જેથી આ અવસરે અમે યુવાનો માટે પોતાની ત્રીજી ગેરેન્ટીની જાહેરાત કરવા જઈ રહ્યા છીએ. યુવાનોની પીડા સમગ્ર દેશમાં છે અને દિલ્હીમાં પણ એવી જ હાલત છે. ભાજપ અને આપ બંને યુવાનોની તકલીફ નથી સમજતા. છેલ્લા કેટલાક વર્ષોમાં દિલ્હીમાં માત્ર આરોપ-પ્રત્યારોપનો દોર ચાલ્યો છે, જેમાં દિલ્હી અને કેન્દ્ર સરકાર બંને સરકારો સામેલ છે. કોઈએ પણ દિલ્હીની સ્થિતિ નથી સમજી.'

આ પણ વાંચોઃ ...તો હું ચૂંટણી નહીં લડું', દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી કેજરીવાલે ભાજપને આપી ૨ ચેલેન્જ

આ દરમિયાન પાયલટે કહ્યું કે, 'કોંગ્રેસ પોતાના વચનો પૂર્ણ કરવા પોતાની જવાબદારી સમજે છે. તુ તુ મેં મેંની રાજનીતિ ખતમ કરીને, અમે રચનાત્મક રાજનીતિ કરીશું. જો કોંગ્રેસ જીતશે, તો અમે ખાસ કરીને યુથ પર ફોકસ કરીશું. અમારી સરકાર આવશે, તો દિલ્હીમાં શિક્ષિત બેરોજગાર યુવાનોને એક વર્ષની અપ્રેન્ટિસશિપ હેઠળ ૮૫૦૦ રૂપિયા દર મહિને આપીશું. યુવાનોને આ દરમિયાન તેમની ફિલ્ડમાં પણ કામ અપાવીશું. દિલ્હીમાં નામ પોકારવાની રાજનીતિ જોવા મળી રહી છે અને લોકોને નવા વિકલ્પની જરૂર છે.'

પાયલટે ઈન્ડિયા બ્લોકમાં ભંગાણ થવા પર કહ્યું કે, 'દરેક રાજ્યની પોતાની રાજનીતિ હોય છે. પંજાબમાં આપ અને કોંગ્રેસ બંને એક-બીજાની સામે લડ્યા હતા. ઈન્ડિયા બ્લોક મજબૂત છે. દરેક રાજ્ય એકમોની સ્થિતિ અલગ છે. લોકસભા ચૂંટણી વચ્ચે લોકશાહી બચાવવા માટે ઈન્ડિયા બ્લોક બનાવાયું હતું.'

# મણિપુરના બે ગામોમાં કર્ફ્યુઃ મહિલા પર હુમલા બાદ તણાવ, ટોળાએ આસામ રાઈફલ્સ કેમ્પ પર હુમલો કર્યો

ઈમ્ફાલઃ મણિપુરના કાંગપોકપી જિલ્લાના કંસાખુલ અને લીલોન વૌફેઈના બે પડોશી ગામોમાં શનિવારે કર્ફ્યુ લાદવામાં આવ્યો હતો. બંને ગામો અને તેની આસપાસના વિસ્તારોમાં લોકોની અવરજવર પર આગામી આદેશ સુધી લગાવવામાં આવ્યો છે.

એક ગામના કુકી યુવકે બીજા ગામની નાગા મહિલા પર કથિત રીતે હુમલો કર્યા બાદ અહીં તણાવ છે. તેમજ, શનિવારે કામજોંગ જિલ્લાના હોંગબાઈ વિસ્તારમાં, ટોળાએ આસામ રાઈફલ્સના કેમ્પ પર હુમલો કર્યો અને તેને નષ્ટ કર્યો હતો.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, સૈનિકોએ ઘર બનાવવા માટે લાકડા લેવાનું બંધ કરી દીધું હતું. આ વાતથી તેઓ નારાજ હતા. ભીડને વિખેરવા માટે જવાનોએ ટીયર ગેસના શેલ છોડ્યા અને હવામાં ગોળીબાર કર્યો હતો.હિંસા એક અઠવાડિયા કરતા વધુ સમયથી ચાલુ છે

કાંગપોકપી જિલ્લામાં એક સપ્તાહ કરતાં વધુ સમયથી હિંસા ચાલુ છે. ૩ જાન્યુઆરીના રોજ, કુકી સમુદાયના લોકોએ કાંગપોકપી પોલીસ અધિક્ષક (જઙ) ઓફિસ પર હુમલો કર્યો હતો. જેમાં એસપી મનોજ પ્રભાકર સહિત અનેક પોલીસકર્મીઓ ઘાયલ થયા હતા.અધિકારીઓએ જણાવ્યું હતું કે કુકી લોકોની માંગ ઈમ્ફાલ પૂર્વ જિલ્લાની સરહદ પર આવેલ સાયબોલ ગામમાંથી સુરક્ષા દળોને હટાવવાની છે. સમુદાયનો આરોપ છે કે એસપીએ સેન્ટ્રલ ફોર્સને ગામમાંથી બહાર કરી નથી.મણિપુરના સીએમ બિરેન સિંહે ૨૫ ડિસેમ્બરે કહ્યું હતું - મણિપુરને તાત્કાલિક શાંતિની જરૂર છે. બંને સમુદાયો (કુકી-મૈતેઈ) વચ્ચે પરસ્પર સમજણ કેળવવી જોઈએ. માત્ર ભાજપ જ મણિપુરને બચાવી શકે છે કારણ કે તે 'સાથે રહેવા'ના વિચારમાં માને છે.

તેમણે કહ્યું હતું કે આજે મણિપુરમાં જે થઈ રહ્યું છે તેના ઘણા કારણો છે. આજે જે લોકો રાજ્યના ભાગલા પાડવાનો પ્રયાસ કરી રહ્યા છે તેઓ પૂછી રહ્યા છે કે સરકાર શું કરી રહી છે. લોકો સત્તાના ભૂખ્યા છે. અમે કોઈ ચોક્કસ સમુદાયના વિરોધમાં નથી. ભાજપનું વલણ સ્પષ્ટ છે.



# ફરી થશે નીતિશ કુમાર અને લાલુ યાદવનું 'મિલન'! બિહારમાં ચૂંટણી પહેલા રાજકીય ખેલ શરૂ

બિહારમાં (રાષ્ટ્રીય લોક જનશક્તિ પાર્ટી) દ્વારા મકર સંક્રાંતિ નિમિત્તે દહીં-ચૂડા ભોજનું આયોજન કરવામાં આવ્યું છે. જેના કારણે બિહારનું રાજકારણ ગરમાયું છે. કારણકે, એવી વાત સામે આવી રહી છે કે, ના અધ્યક્ષ પશુપતિ કુમારે આ આયોજનમાં લાલુ યાદવથી લઈને નીતિશ કુમાર સહિતના તમામ રાજકીય નેતાઓને નિમંત્રણ મોકલ્યું છે. જો આ વાત સાચી પડે તો બંને નેતા લાંબા સમય બાદ એકસાથે જોવા મળશે. જે બિહારના રાજકારણની દ્રષ્ટિએ ખૂબ જ મહત્ત્વનું છે. વળી, એવી પણ માહિતી સામે આવી રહી છે કે, પૂર્વ મુખ્યમંત્રી રાબડી દેવીના આવાસ પર પણ દહીં-ચૂડાનું આયોજન કરવામાં આવશે. જેમાં ની પ્રથા અનુસાર, તેઓ તમામ પાર્ટીને નિમંત્રણ આપશે. જોકે, હવે એ વાત પર તમામ લોકોની નજર ટકેલી રહેશે કે, આ ભોજમાં એનડીના કયા-કયા નેતા આવે છે? વળી, કોંગ્રેસ તરફથી દર ,વર્ષની જેમ સદાકત આશ્રમમાં દહીં-ચૂડાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મહાગઠબંધનની તમામ પાર્ટીઓ જોડાશે. ભાજપ તરફથી પણ ખબર સામે આવી રહી છે કે, ભાજપ ઓફિસમાં દહીં-ચૂડાનું આયોજન કરશે. જેમાં તમામને નિયંત્રણ મોકલવામાં આવશે. પરંતુ, દર વખતની જેમ વિરોધી પાર્ટીના નેતા ના બરાબર સામેલ થશે. વળી, નીતિન, નવીનથી લઈને વિજય સિન્હા પણ દહીં-ચૂડાનું આયોજન કરી રહ્યાં છે અને આ વર્ષે પણ કરશે.

જેડીયુ તરફથી અત્યાર સુધી વરિષ્ઠ નેતા વશિષ્ઠ નારાયણ સિંહ આયોજન કરતા રહે છે, પરંતુ સ્વાસ્થ્ય ઠીક ન રહેવાના કારણે આ વખતે તે નથી કરી રહ્યાં. પરંતુ, જેડીયુ તરફથી કોણ કરશે તેના પર તસવીર સ્પષ્ટ નથી થઈ. વળી, બીજી બાજું અન્ય રાજકીય પાર્ટી પણ પોતાના હિસાબે દહીં-ચૂડાનું આયોજન કરી રહી છે. પરંતુ, સૌથી વધારે ધ્યાન રાબડી દેવી અને પશુપતુ કુમાર પારસના ભોજ પર રહેશે.

જોકે, બિહારના રાજકારણને નજીકથી જાણતા લોકો અનુસાર, આ વખતે કોઈ રાજકીય હલચલ થવાની સંભાવના ઓછી છે.

# વિવાદિત માળખાને મસ્જિદ ના કહો, આવા સ્થળની ઇસ્લામમાં પણ મનાઇ છે : યોગી



પ્રયાગરાજ ઉત્તર પ્રદેશના મહાકુંભ મેળાના સમગ્ર વિસ્તારનું મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ દ્વારા નિરિક્ષણ કરવામાં આવ્યું હતું, આ દરમિયાન તેમણે એક મોટુ નિવેદન આપ્યું હતું, તેમણે કહ્યું હતું કે કોઈ પણ વિવાદિત ઢાંચાને મસ્જિદ ના બોલવું જોઇએ. જે દિવસથી મસ્જિદ બોલવાનું બંધ કરી દઇશું તે દિવસથી લોકો જવાનું બંધ કરી દેશે. કોઈની આસ્થાને ઠેસ પહોંચાડીને ત્યાં મસ્જિદ કે તેના જેવો ઢાંચો ઉભો કરી નાખવો તે ઇસ્લામના સિદ્ધાંતોની વિરુદ્ધમાં છે. આવા કોઇ પણ સ્થળે થતી ઇબાદત ખુદા નથી સ્વીકારતા.

યોગીએ વધુમાં કહ્યું હતું કે ઇસ્લામ મુજબ ઉપાસના માટે કોઇ સ્ટ્રક્ચરની જરૂર નથી પડતી જ્યારે સનાતન ધર્મ મુજબ જરૂર પડે છે. સનાતની ઉપાસના માટે મંદિરે જશે, ઇસ્લામ માટે નથી, એવામાં કોઇ પણ ઢાંચાને મસ્જિદ બોલવાની જીદ ના કરવી જોઇએ. આ સમય એક નવા ભારત અંગે વિચારવાનો અને આ વિચાર સાથે આગળ વધવાનો છે. યોગી આદિત્યનાથ મહાકુંભની તૈયારીના પરીક્ષણ માટે પ્રયાગરાજ આવતા રહે છે. તેઓ અગાઉ પણ અહીંયા આવી ચુક્યા છે.

એવી અટકળો હતી કે મહાકુંભમાં મુસ્લિમોના પ્રવેશ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. આ અંગે જવાબ આપતા મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું હતું કે જે પણ વ્યક્તિને ભારતની સનાતન પરંપરામાં વિશ્વાસ હોય તેઓ મહાકુંભમાં સામેલ થાય. જે લોકોની માનસિકતા ખોટી છે તેઓ અહીંયા ના આવે. કઇ પણ ખોટુ કરતા પકડાયા તો તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે.

યોગીએ સંભલ અંગે ફરી નિવેદન આપ્યું હતું, તેમણે કહ્યું હતું કે કેટલાક લોકોએ સંભલ જિલ્લાથી વધુની જમીન વકફની હોવાનો દાવો કરી નાખ્યો છે. મુખ્યમંત્રીએ કહ્યું હતું કે આપણા પુરાણોમાં પાંચ હજાર વર્ષ પહેલા જ ઉલ્લેખ કરાયો છે કે સંભલમાં હરિ વિષ્ણુના દસમો અવતાર કલકીના સ્વરુપમાં થશે. સંભલમાં જે કઇ હાલ જોવા મળી રહ્યું છે તે સનાતન ધર્મ સાથે જોડાયેલુ છે. પાંચ હજાર વર્ષ પહેલા ધરતી પર ઇસ્લામ નહોતો, તે સમયે માત્ર સનાતન ધર્મ જ હતો. જો તે સમયે ઇસ્લામ હતો જ નહીં તો જામા મસ્જિદનો ઉલ્લેખ કેવી રીતે હોઇ શકે. મુસ્લિમ લીગની માનસિકતાથી આ દેશ નહીં ચાલે.

# છત્તીસગઢમાં અથડામણ, ૩ નક્સલી માર્યા ગયાના સમાચાર: જવાનોએ માઓવાદીઓને ઘેરી લીધા; ફાયરિંગ ચાલુ

બીજાપુરઃ છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં પોલીસ અને નકસલવાદીઓ વચ્ચેની અથડામણમાં ૩ નકસલવાદીઓ માર્યા ગયાના સમાચાર છે. ઘટનાસ્થળેથી ઓટોમેટિક હથિયારો મળી આવ્યા છે. હજુ પણ ફાયરિંગ ચાલુ છે. બીજાપુરના એસ્પી જિતેન્દ્ર યાદવે એન્કાઉન્ટરની પુષ્ટિ કરી છે. આ ઘટના મદ્દેડ વિસ્તારના બંદેપારા વિસ્તારમાં બની હતી.

જણાવવામાં આવી રહ્યું છે કે નેશનલ પાર્ક એરિયા કમિટીના માઓવાદીઓને રવિવારે સવારથી જ જવાનોએ ઘેરી લીધા હતા. માર્યા ગયેલા કેટલાક નકસલવાદીઓ ઉચ્ચ (ડિવિઝનલ કમિટી મેમ્બર) કેડરના છે. છત્તીસગઢમાં આ કેડરના નકસલવાદીઓ પર ૮ લાખ રૂપિયાનું ઇનામ છે.



મળતી માહિતી મુજબ, પોલીસને માહિતી મળી હતી કે નેશનલ પાર્ક વિસ્તારના જંગલમાં મોટી સંખ્યામાં નકસલવાદીઓ હાજર છે. આ માહિતીના આધારે જવાનોને માઓવાદીઓના મુખ્ય વિસ્તારમાં ઓપરેશન માટે લઇ જવામાં આવ્યા હતા. જવાનો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. જ્યાં નકસલીઓએ જવાનો પર ફાયરિંગ શરૂ કરી દીધું હતું.



# દેવભૂમિ દ્વારકામાં સતત બીજા દિવસે ડિમોલિશન, ૭૬ ગેરકાયદે દબાણો દુર

## ૪૫૦ આસામીને નોટીસ અપાયા બાદ આજે કલેક્ટર – પોલીસ તંત્રનો મોટો કાફલો ત્રાટકયોઃ ૧૦૦૦ સુરક્ષા કર્મચારીનો બંદોબસ્ત સીસીટીવી – ડ્રોનથી નજર દરિયામાં પેટ્રોલીંગ

દેવભૂમિ દ્વારકામાં સતત બીજા દિવસે તંત્રની દબાણ દૂર કરવાની કામગીરી હજુ સુધી યથાવત રહી છે. વહેલી સવારથી જ અલગ-અલગ ગેરકાયદેસર જગ્યાઓ પર થયેલાં દબાણને દૂર કરવામાં આવી રહ્યા છે. ગત રોજ ૭૬ જેટલાં ગેરકાયદેસર દબાણો દૂર કરવામાં આવ્યા છે. જેમાં ૬ કરોડ ૫૩ લાખની કિંમતની ૧૨, ૪૦૦ મીટર જેટલી જમીન ખુલ્લી કરવામાં આવી છે. રવિવારે પણ ૫૦ થી વધુ દબાણો દૂર કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. દબાણ દૂર કરવાની પ્રક્રિયા દરમિયાન મરીન પોલીસ બોટ દ્વારા પણ સતત પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે. દ્વારકામાં હાથ ધરાયેલા મેગા ડિમોલિશનના કારણે તમામ યાત્રિકો માટે બેટ દ્વારકામાં આવન-જાવન પર પ્રતિબંધ લગાવાયો છે. યાત્રિકોનો દ્વારકામાં પ્રવેશ અટકાવવા માટે બેરિકેટ લગાવવામાં આવ્યા છે. જોકે, મંદિરમાં પૂજા-અર્ચનાનો કાર્યક્રમ રાબેતા મુજબ શરુ છે.નોંધનીય છે કે, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અગાઉ પણ અનધિકૃત રીતે સરકારી જમીન પર કરેલાં અતિક્રમણ સંદર્ભે જિલ્લા પ્રશાસને જરૂરી સરવે કરી નોટિસ આપવા સહિતની કાયદાકીય કાર્યવાહી કરી હતી. ત્યારબાદ આ અંગેની મુદત પૂર્ણ થયા બાદ દ્વારકાના પ્રાંત અધિકારી અમોલ આપ્ટે તેમજ તેમની ટીમ દ્વારા જિલ્લા પોલીસ પ્રશાસનને સાથે રાખી પંથકમાં કરાયેલા ગેરકાયદેસર ધાર્મિક, રહેણાંક તેમજ કોમર્શિયલ વિસ્તારની સરકારી જગ્યા પરના દબાણ દૂર કરવાનો પ્લાન બનાવવામાં આવ્યો હતો. જેને અનુલક્ષીને આજે આ દબાણ દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.ઉલ્લેખનીય છે કે, એક વર્ષ પહેલાં પણ દેવભૂમિ દ્વારકામાં મેગા ડિમોલિશન હાથ ધરવામાં આવ્યું હતું. જોકે, ત્યારબાદ ફરી અનેક જગ્યાએ લોકો દ્વારા દબાણો કરવામાં આવ્યા હતા. તંત્રને આ વિશે જાણ થતાં જ ફરીથી દબાણ દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. મહત્ત્વનું છે કે, નવી કોઈ સૂચના ન મળે ત્યાં સુધી દ્વારકામાં સંપૂર્ણ રીતે ખાનગી વાહનો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.₹

ઓખા મંડળના બેટ દ્વારકા વિસ્તારમાં ઓક્ટોબર ૨૦૨૨ માસમાં હાથ ધરાયેલા ઓપરેશન ડિમોલીશનમાં કરોડો રૂપિયાની કિંમતની લાખો ફૂટ જગ્યા પરના દબાણો હટાવાયા હતા. જે બાબત સમગ્ર રાજ્યમાં નોંધનીય બની રહી હતી. આ પછી બીજા રાઉન્ડમાં યાત્રાધામ હર્ષદ, ભોગાત વિગેરે સ્થળોએ પણ માર્ચ ૨૦૨૩ના સમયગાળામાં રેવન્યુ વિભાગ દ્વારા પોલીસ તંત્રને સાથે રાખીને ધાર્મિક તેમજ રહેણાંક અને કોમર્શિયલ દબાણોનો કડુસલો બોલાવી દીધો હતો.

દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સીધી દેખરેખ તેમજ માઈક્રો પ્લાનિંગ હેઠળ કરાયેલી આ દબાણ હટાવ ઝુંબેશ આવકારદાયક બની હતી. ત્યારે યાત્રાધામ દ્વારકા અને બેટ દ્વારકા વિસ્તારમાં રહેલા વ્યાપક દબાણ અંગે કરવામાં આવેલા સરવે તેમજ જરૂરી કાનૂની પ્રક્રિયા બાદ આજથી બેટ-બાલાપર વિસ્તારમાં આ પ્રકારના ગેરકાયદેસર દબાણો દૂર કરવાની કામગીરી આજથી પુન શરૂ કરવામાં આવી છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અગાઉ તત્વો દ્વારા અનઅધિકૃત રીતે સરકારી જમીન પર કરવામાં આવેલા અતિક્રમણ સંદર્ભે જિલ્લા પ્રશાસન દ્વારા જરૂરી સરવે તેમજ નોટિસ આપવા સહિતની કાયદેસરની કાર્યવાહી બાદ આ અંગેની મુદત પૂર્ણ થયે દ્વારકાના પ્રાંત અધિકારી અમોલ આપ્ટે તેમજ તેમની ટીમ દ્વારા જિલ્લા પોલીસ પ્રશાસનને સાથે રાખીને આ પંથકમાં કરાયેલા ધાર્મિક, રહેણાંક તેમજ કોમર્શિયલ વિસ્તારની સરકારી જગ્યાને ખુલ્લી કરવાનો પ્લાન બનાવવામાં આવ્યો હતો. જેને અનુલક્ષીને દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયને સાથે રાખી અને દબાણ દૂર કરવા માટેની તૈયારીઓ આદરવામાં આવી હતી.

# રાજ્યમાં માર્ગ અકસ્માતમાં ૫ વર્ષમાં ૨૦ હજારથી વધુ યુવાઓનાં મોત

દર વર્ષે ૧૧થી ૧૭ જાન્યુઆરી દરમિયાન અકસ્માત પ્રત્યે જાગૃતિ લાવવા રાષ્ટ્રીય માર્ગ સલામતી સપ્તાહ ઉજવાય છે. ગુજરાતમાં ૨૦૧૯થી ૨૦૨૩ દરમિયાન ૭૭ હજારથી વધુ માર્ગ અકસ્માતમાં ૩૬૪૮૪ લોકોના મોત નીપજ્યાં હતા. જેમાં ૫૪% એટલે કે ૧૯૭૦૯ લોકોની ઉંમર ૩૫ વર્ષથી ઓછી હતી. હેલમેટ ન પહેરવાના કારણે ૧૨,૦૦૨ અને સીટ બેલ્ટ ન બાંધવાના કારણે ૪,૭૪૭ લોકોએ જીવ ગુમાવ્યો. ૬૫૦૩ હિટ એન્ડ રનમાં મૃત્યુ પામ્યા. ૨૦૨૦ બાદ અકસ્માતથી થતા મોતમાં ૨૮%નો વધારો. ૨૦૨૦માં ૬૧૭૦ લોકોના મોત સામે ૨૦૨૩માં વધીને ૭૮૫૪ થયા હતા.



આ ઉપરાંત ૨૦૧૯થી ૨૦૨૩ના આંકડા મુજબ ૨૦ હજારથી વધુ યુવા વયનાં મોત નિપજ્યા હતાં. જેમાં ૧૮થી નાના ૧૯૫૬, ૧૮-૨૫ વયના ૭,૩૩૦, ૨૫-૩૫ વયના ૧૦૪૨૩, ૩૫-૪૫ વયના ૮૯૫૨, ૪૫-૬૦ વયના ૫૬૧૭, ૬૦થી વધુ વયના ૧૮૪૦ લોકોના મોત નિપજ્યા હતાં.

આ ઉપરાંત શહેર કરતાં ગ્રામ્યમાં વધુ અકસ્માત નોંધાયા હતાં. તેમજ ૮ હજારથી વધુ મોત રાત્રિ દરમિયાન નિપજ્યા હતાં.

પાંચ વર્ષમાં રાજ્યમાં ૬૫૦૩ લોકોના મોત હિટ એન્ડ રનમાં થયા હતા. જે કુલ મોતના ૧૮ ટકા છે. જ્યારે ૮ હજાર વધુ લોકના મોત સાંજે ૬ વાગ્યાથી લઇ રાતના ૯ કલાકમાં નીપજ્યા હતા. શહેર કરતાં ગામડાંમાં વધુ અકસ્માત નોંધાયા હતા. એક્સપ્રેસ, નેશનલ હાઈવે કે સ્ટેટ હાઈવે પર નહીં પરંતુ સામાન્ય રોડ-રસ્તા પર સૌથી વધુ ૧૫૩૪૭ અકસ્માત થયા હતા.

હેલ્મેટ તેમજ સીટ બેલ્ટ ન પહેરવાથી અકસ્માતમાં ૪૫% મોત થયા પાંચ વર્ષમાં હેલમેટ ન પહેરવાના કારણે ૧૨,૦૨૨ લોકોના મોત નીપજ્યાં હતા. જેમાં સીટ પાછળ બેસેલ પેસેન્જર પણ સામેલ હતા. ૪૭૪૭નું સીટ બેલ્ટ ન બાંધવાના કારણે મોત નીપજ્યું હતું. ૫૩૨૩ અકસ્માતમાં ડ્રાઈવર પાસે લાઈસન્સ નહોતું. જે આ સમયગાળા દરમિયાન થયેલા કુલ ૭૭ હજારથી વધુ અકસ્માતના ૮% છે. ગુજરાતમાં ૨૦૧૯થી ૨૦૨૩ દરમિયાન ૭૭ હજારથી વધુ માર્ગ અકસ્માતમાં ૩૬૪૮૪ લોકોના મોત નીપજ્યાં હતા. જેમાં ૫૪% એટલે કે ૧૯૭૦૯ લોકોની ઉંમર ૩૫ વર્ષથી ઓછી હતી. હેલમેટ ન પહેરવાના કારણે ૧૨,૦૦૨ અને સીટ બેલ્ટ ન બાંધવાના કારણે ૪,૭૪૭ લોકોએ જીવ ગુમાવ્યો. ૬૫૦૩ હિટ એન્ડ રનમાં મૃત્યુ પામ્યા. ૨૦૨૦ બાદ અકસ્માતથી થતા મોતમાં ૨૮%નો વધારો. ૨૦૨૦માં ૬૧૭૦ લોકોના મોત સામે ૨૦૨૩માં વધીને ૭૮૫૪ થયા હતા.

## ચાઈનીઝ દોરા અને તુક્કલ વેચતા નહીં; પોલીસે વેપારીઓને રૂબરૂ સમજાવ્યા

પતંગ લૂંટવા માટે ભાગદોડ નહીં કરવા અને વાહનોમાં સેફ્ટી ગાર્ડ લગાવવા લોકોને અપીલ

મકરસંક્રાંતિને આડે હવે ૩ દિવસ રહયા છે ત્યારે સમગ્ર રાજયમા આ પર્વની ઉજવણીની તૈયારીઓ જોરશોરથી થવા લાગી છે. આકાશમા પતંગોની સ્પર્ધા માટે સૌ કોઇ ધારદાર દોરાઓ પણ બનાવડાવતા હોય છે તો અમુક દોરાઓની શોધમા નીકળી પડયા છે પરંતુ ધારદાર દોરીઓને કારણે ભુતકાળમા અનેક લોકો અને પશુ પક્ષીઓ માટે ઘાતકી નીવડી છે. અમુકના મૃત્યુ પણ નીપજયા હોવાના દાખલાઓ છે.



ત્યારે રાજકોટ શહેરના પોલીસ કમિશ્નર બ્રજેશ ઝા, એડીશ્નલ સી. પી. મહેન્દ્ર બગડીયા, ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી બી. જે. ચૌધરીના માર્ગદર્શન હેઠળ અલગ અલગ પોલીસ સ્ટેશનનો કાફલો પોતાના વિસ્તારમા પતંગ અને દોરી વેચતા વેપારીઓ પાસે પહોંચ્યા હતા અને તેઓને સુચનાઓ આપી હતી કે ભુતકાળમા ચાઇનીઝ દોરી અને ધારદાર દોરીઓથી ઘણા લોકો અને પક્ષીઓના જીવ ગયા છે. જેથી લોકો પોતાની ખુશી માટે બીજાનો જીવ દાવ પર ન લગાડે અને ચાઇનીઝ દોરી કે ધારદાર કાચવાળી દોરીઓ ન વેચે તેવી સુચના આપવામા આવી હતી.આ મામલે પોલીસે વેપારીઓને સબંધોની કહયુ હતુ કે પ્રતિબંધીત ચાઇનીઝ દોરી અને તુકકલનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ ફરમાવવામા આવ્યો છે. માટે તુકકલ કે ચાઇનીઝ દોરી વેચશે તેમની સામે કડક કાર્યવાહી તેમજ ગુના પણ નોંધવામા આવશે તેમજ લોકોને પોતાની સેફટી માટે જણાવ્યુ હતુ કે ધાબા પર કે રસ્તા પર પતંગ પકડવા ભાગદોડ કરવી નહી. તેમજ રસ્તા પર વાહન ચલાવતી વખતે વાહન પર સેફટી ગાર્ડ રાખવુ તેમજ ગળા પર સેફટી બેલ્ટ બાંધીને બહાર નીકળવુ.પ્રાથમિક સારવારની કીટ સાથે રાખવી, પતંગ ચગાવતા બાળકોના વાલીઓ તેમની પર દેખરેખ રાખે, થાંભલા કે મકાનમા ફસાયેલા પતંગો પાછો મેળવવા માટે પથ્થર ફેંકવા નહીં કે દોરી ખેચવી નહી, વીજળીના તારમા ફસાયેલા અને સબ સ્ટેશનમા પડેલા પતંગને પાછો મેળવવાની લાલચમા ન આવવુ.

## ચેરિટી કચેરીના અંતિમ હુકમની નકલ નિઃશુલ્ક આપવા આદેશ

પક્ષકારોને રજિસ્ટર્ડ એ.ડીથી આદેશ મોકલાશ



ગુજરાત સરકાર દ્વારા ચેરીટીતંત્રના વહીવટમાં પારદર્શિતા લાવવાના હેતુથી મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ ૧૯૫૦ની કલમ-૮ હેઠળ ચેરીટીતંત્રની કચેરીઓમાં થતી ન્યાયીક અને અર્ધન્યાયીક કામગીરીમાં થયેલા અંતિમ હુકમોની સંપૂર્ણ નકલ હવે સંબંધિત પક્ષકારોને વિનામૂલ્યે પ્રદાન કરવામાં આવશે. વધુ વિગતો આપતા કાયદામંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, અત્યાર સુધી હુકમોના માત્ર સારાંશની નકલ મોકલવામાં આવતી હતી, પરંતુ હાલની કાનૂની જરૂરિયાતોને અનુલક્ષીને હવેથી સમગ્ર હુકમની નકલ રજીસ્ટર્ડ એ.ડી. પોસ્ટ દ્વારા વિનામૂલ્યે મોકલવામાં આવશે. આ નિયમ તાત્કાલિક અસરથી અમલમાં મુકવામાં આવ્યો છે.


આ પહેલના અમલીથી ચેરીટીતંત્રના વહીવટમાં વધુ પારદર્શિતા આવશે તેમજ પક્ષકારો માટે ન્યાયની સુલભતા સુનિશ્ચિત થશે. પોતાના કેસની સંપૂર્ણ માહિતી સરળતાથી મેળવી નાગરિકોનો કાનૂની પ્રક્રિયામાં વધુ વિશ્વાસ મજબૂત થશે તેમ તેમણે ઉમેર્યું હતું. આ ઉપરાંત ચેરીટીતંત્રના અધિકારીઓને પોતાના હુકમમાં આ વ્યવસ્થાનો ઉલ્લેખ કરવાનું અચૂકપણે પાલન કરવાની સૂચના આપવામાં આવી છે.

# ૫ જિલ્લાની ૫૫ શાળામાં ફી વધારો મંજૂર

ગુજરાત સરકારની ફી નિર્ધારણ કમિટિ (એફઆરસી) દ્વારા સૌરાષ્ટ્રની કેટલીક શાળાઓની ફી નિયત કરવામાં આવી છે. જેમાં પાંચ જિલ્લાની ૫૫ શાળાઓની ફીમાં વધારો મંજુર કરાયો છે તો ૫૮ શાળાઓનો ફી વધારો નામંજુર કરાયો છે. બીજી તરફ ૨૫ શાળાઓએ રૂ.૧૦ હજારથી માંડી ૫૮ હજાર સુધીનો ફી વધારો માંગ્યો છે.

સૌરાષ્ટ્રની ૨૫ શાળાઓએ એફઆરસી પાસે ફીમાં તોતિંગ વધારો માંગ્યો છે. ખાનગી અને સરકારી શાળાઓના ફી વધારા અંગે ફાઈલનાં અભ્યાસ પછી જે તે શાળાની ફી નક્કી થતી હોય છે. તેવામાં શાળાઓએ ૧૦ થી ૫૦ હજાર સુધીના વધારાની માંગ કરી છે.

રાજકોટ સ્થિત સૌરાષ્ટ્રની ફી નિયમન સમિતિ દ્વારા વર્ષે અલગ-અલગ સ્કૂલના વર્ગ, પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક મુજબ ૫૦૦૦થી વધુ ખાનગી શાળાઓની ફાઈલનો અભ્યાસ કરી જે-તે ખાનગી શાળાઓની ફી નક્કી કરતી હોય છે. સૌરાષ્ટ્રની ૨૫ જેટલી શાળાએ એફઆરસી પાસે ફીમાં તોતિંગ વધારો માગ્યો છે. શાળાઓએ ૧૦ હજારથી લઈને ૫૦ હજાર સુધીનો ફી વધારા માટે ફી નિયમન સિમિતિ પાસે મંજૂરી માગી છે. શાળાની માંગ પરથી એક વાત તો ચોક્કસ નક્કી છે કે આવનારા દિવસોમાં વાલીઓ પર ફી વધારાનો વધુ એક બોજ પડી શકે.




સૌરાષ્ટની ફી નિયમન સમિતિએ સૌરાષ્ટ્રની ૨૮ શાળાઓની ફીમાં કોઈ વધારો કર્યો નથી અને ૭ શાળાની ફીમાં ઘટાડો કર્યો છે. આ સમિતિએ કુલ ૫ જિલ્લાની ૫૫ શાળાઓમાં ફી વધારો કર્યો છે. ફી નિયમન સમિતિ દર વર્ષે ખાનગી અને સરકારી શાળાઓની ફાઈલોના અભ્યાસ બાદ ફીમાં વધારો કરવો કે ઘટાડો અને કેટલો તે નક્કી કરતી હોય છે.સૌરાષ્ટ ફી નિયમન સમિતિ પાસે કુલ ૨૫ શાળાઓને ફીમાં તોતિંગ વધારો માંગ્યો છે, આ શાળાઓએ કુલ ૧૦ હજારથી ૫૦ હજાર સુધીનો વધારો માંગ્યો છે. ફી નિયમન સમિતિએ વિવિધ શાળાની ૧૨૦૦ જેટલી ફાઈલ કલીયર કરી છે. ત્યારે ચાલો જાણીએ કે કઈ શાળાઓએ કુલ કેટલા ફી વધારાની માંગણી કરી છે. જેમાં પાંચ જિલ્લાની ૫૫ શાળાઓની ફીમાં વધારો મંજુર કરાયો છે તો ૫૮ શાળાઓનો ફી વધારો નામંજુર કરાયો છે. બીજી તરફ ૨૫ શાળાઓએ રૂ.૧૦ હજારથી માંડી ૫૮ હજાર સુધીનો ફી વધારો માંગ્યો છે.

**૨૫ શાળાઓએ ૧૦ હજારથી ૫૮ હજારનો વધારો માંગ્યો સૌરાષ્ટ્રની ફી નિર્ધારણ સમિતિ દ્વારા ૫૮ શાળાની ફી વધારાની માંગણી ફગાવાઇ ગુજરાત સરકારની ફી નિર્ધારણ કમિટિ (એફઆરસી)**

# ઉત્તરાયણ પૂર્વે સિવિલ હોસ્પિટલ સજ્જ, ખાસ વ્યવસ્થા

કાન-નાક-ગળા, સર્જરી અને ઓર્થોપેડિક સર્જનો તથા વધારાના નર્સિંગ સ્ટાફની ટીમ તૈનાત ઉતરાયણના તહેવારમા આકાશ રંગબેરંગી પતંગોથી છવાઇ જાય છે. પતંગના ઉત્સવમાં અનેક દુર્ઘટનાઓ પણ સામે આવતી હોય છે. ઇમરજન્સી કેસોમાં વધારો થાય છે. ત્યારે ઉતરાયણના તહેવારમાં અકસ્માતના વધતા બનાવોને પહોંચી વળવા સિવિલ હોસ્પિટલ તંત્ર સજ્જ બન્યુ છે. ઈએનટી અને ઓર્થોપેડીક વિભાગોમાં સર્જનો અને વધારાના નર્સિંગ સ્ટાફની ટીમ તૈનાત રાખવામા આવી છે.

મકરસંક્રાતીના તહેવારમાં પતંગની દોરીથી ગળામાં ઇજા થવાના અને ધાબા ઉપરથી પડી જવાના કેસો વધુ નોંધાતા હોય છે. દર વર્ષે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ૧૪ જાન્યુઆરીના દિવસે ૩૦-૪૦ જેટલા કેસો



નોંધાતા હોય છે. રાજયમાં આ વર્ષે ઇમરજન્સીના કેસોમાં ૩૦ટકાનો વધારો થવાનો અંદાજ છે.

જેથી રાજયભરમાં ૮૦૦થી વધુ ૧૦૮ કાર્યરત રહી તાત્કાલીક સેવા પૂરી પાડશે ત્યારે રાજકોટ સિવિલ હોસ્પિટલ તંત્ર પણ સજ્જ બન્યુ છે. વહિવટી તંત્ર દ્વારા ઉતરાયણના દિવસે આવતા કેસોને પહોંચી વળવા ખાસ વ્યવસ્થા ઉભી કરવામા આવી છે.

સિવિલ હોસ્પિટલમાં તંત્ર દ્વારા ઇએનટી તબીબ-૨, સર્જરી તબીબ-૨, ઓર્થોપેડિક સર્જન-૨ અને વધારાના બે નર્સિંગ સ્ટાફને ખડેપગે રહેવા સૂચના આપવામા આવી છે. આ ઉપરાંત જો વધુ કેસો નોંધાશે અને જરૂર પડશે તો વધારાના સ્ટાફને પણ બોલાવવામા આવશે તેમ જાણવા મળ્યુ છે.

# વોર્ડ નં.૪ની આંગણવાડીઓમાં પોષણ ઉત્સવ યોજાયો વિવિધ વાનગીઓ બનાવાઈ



રાજકોટઃ રાજકોટ મહાનગરપાલિકા ઘટક-૧ની વોર્ડ નં.૪ની આંગણવાડીઓમાં પોષણ ઉત્સવ ૨૦૨૪-૨૫ અને પોષણ ઉડાન-૨૦૨૪ કાર્યક્રમની ઉજવણી તા.૦૯/૦૧ ગુરુવારના રોજ વેલનાથપરા-૧માં કરવામાં આવેલ છે.આ કાર્યક્રમનું દીપ પ્રાગટ્ય રાજકોટના મેયર નયનાબેન પેઢડીયાના વરદ્? હસ્તે કરવામાં આવેલ. જેમાં વર્કર બહેનો દ્વારા વાનગી વૈવિધ્ય દર્શાવવા મિલેટ્સ અને માંથી બનતી વાનગી તેમજ સરગવામાંથી બનતી વાનગીનું નિર્દેશન કરવામાં આવેલ હતું.કેક જેવી મોર્ડન વાનગીથી લઈને પુડલા અને ઢોકળા , મુઠીયા જેવી ઘરેલું વાનગીઓનું પ્રદર્શન કરવામાં આવેલ. જેમાં ૩ વિજેતાઓને વાનગીઓ માટે ઈનામ જાહેર કરવામાં આવેલ હતા અને તમામ સ્પર્ધકોને પ્રમાણપત્ર આપવામાં આવેલ છે.

## સવારના ૯ થી સાંજના ૪ કલાક સુધી જ પતંગ ચગાવવા કલેક્ટર તંત્ર દ્વારા અપીલ

# ચાઈનીઝ જેવા પ્રતિબંધિત દોરાનું વેચાણ કે સંગ્રહ કરનારા સામે કડક કાર્યવાહી કરાશેઃ અધિક કલેક્ટર

### રાજકોટ શહેર જિલ્લામાં જુદી – જુદી ૩૦ જગ્યાએ ઘવાયેલા પક્ષીઓની સારવાર માટે કલેકશન અને સારવાર કેન્દ્ર કાર્યરતઃ ૬૧ વેટનરી ડોકટર અને ૩૦૦ સ્વયંસેવકો ખડેપગે

રાજકોટ,તા.૧૧

રાજકોટ જિલ્લામાં કલેક્ટર પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ પ્રારંભ થયેલા કરૂણા અભિયાન અંતર્ગત રાજકોટ જિલ્લામાં જુદી-જુદી ૩૦ જગ્યાએ ઘવાયેલા પક્ષીઓના સારવાર માટે કલેક્શન અને સારવાર સેન્ટર ઊભા કરવામાં આવ્યા છે. જેમાં ૬૦થી વધુ વેટનરી ડોક્ટર્સ અને ૩૦૦ જેટલા સ્વયંસેવકો અભિયાનમાં જોડાયા છે.

રાજકોટ નિવાસી અધિક કલેક્ટર એ.કે. ગૌતમ તથા જીવદયાપ્રેમીઓ દ્વારા રાજકોટ કલેક્ટર કચેરી ખાતેથી પક્ષીઓ માટેની વિશેષ ત્રણ એમ્બ્યુલન્સને લીલીઝંડી આપીને પ્રસ્થાન કરાવાયું હતું.જિલ્લા કલેક્ટર કચેરી ખાતે પત્રકારોને સંબોધતા નિવાસી અધિક કલેક્ટર એ.કે.ગૌતમે જણાવ્યું હતું કે, ઉત્તરાયણના



તહેવારમાં લોકો પતંગ ચગાવવામાં અને તહેવારને માણવામાં ઉત્સાહિત હોય છે. પરંતુ આપણો ઉત્સાહ અન્ય જીવ માટે સજા ન બને તેનું ધ્યાન રાખવું તે આપણી ફરજ છે. તેમણે નાગરિકોને અપીલ કરી હતી કે, સવારે ૯ સુધી અને સાંજે ૪ પછી પક્ષીઓ આકાશમાં વધુ ઉડતા હોય માટે આ સમય દરમિયાન પતંગ ચગાવવી ન જોઈએ. સવારે ૯ થી સાંજે ૪ વાગા સુધી જ પતંગ ચગાવવી જોઈએ.

અધિક કલેકટરએ જણાવ્યું હતું કે, ચાઈનીઝ જેવા દોરાનો ઉપયોગ કે સંગ્રહ કરવો પ્રતિબંધિત છે. જો કોઈ વ્યક્તિ કે દુકાનદાર ચાઈનીઝ જેવા ધોરાનો ઉપયોગ, સંગ્રહ કે વેચાણ કરતા જણાશે તો તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરાશે. જો કોઈ વ્યક્તિ ઘાતક પતંગદોરી વેચતો જણાય તો તંત્રનો સંપર્ક કરવા અપીલ કરી હતી.

ઉત્તરાયણપર્વ દરમિયાન ઘરના ધાબા પર કે આજુબાજુના વૃક્ષોમા ફસાયેલી દોરીનો નિકાલ ચાઈનીઝ, સિન્થેટીક કે કાચ પાયેલી દોરીનો પતંગ ચગાવવામા ઉપયોગ ન રાત્રીના સમયે ગુબ્બારા કે ફુગ્ગા ન ચગાવવા તેમજ ઘાયલ પક્ષીની સારવાર જાતે ન કરવા, યોગ્ય સારવાર સ્થળ સુધી પહોચાડવાની વ્યવસ્થા કરવા તેઓએ જણાવેલ હતું.વન વિભાગનો હેલ્પ લાઇન નંબર-૧૯૨૬ અથવા ૮૧૪૧૭૭૦૨૭૨ અથવા ઊૌંફીક્ષફ ટાઇપ કરીને મોકલવાથી ગુજરાત રાજ્યના બધા જ જિલ્લાની કરુણા અભિયાનની વિગતવાર માહિતી મળી શકશે. તેમજ એનિમલ એમ્બ્યુલન્સ હેલ્પલાઇન નંબર ૧૯૬૨, વીજ ફરીયાદ માટે ટોલ ફ્રી નંબર ૧૯૧૨૨ અથવા ૧૮૦૦૨૩૩૧૫૫૩૩૩ ઉપર પણ સંપર્ક કરી શકાશે.

રાજકોટ માટે ૯૨૬૫૩૧૩૧૫૩, લોધિકા ૯૯૦૯૩૦૫૫૦૫, ઉપલેટા ૯૭૨૩૪૧૦૦૭૨, કોટડા સાંગાણી ૯૦૯૯૦૮૦૨૭૩, જેતપુર ૯૦૯૯૯૬૨૦૬૨, પડધરી ૭૯૯૦૨૪૭૪૦૫, ધોરાજી ૯૪૨૭૫૭૬૦૨૯, ગોંડલ ૯૯૦૪૬૦૦૩૦૮, જામકંડોરણા ૯૪૨૭૫૭૬૦૨૯, વિછીયા ૭૦૪૬૨૫૦૨૨૫, જસદણ ૮૨૦૦૯૬૫૦૬૭ પર જાણ કરવાથી ઘવાયેલા પક્ષીઓને સારવાર આપવામા આવશે.

# ગોંડલમાં ઈકો-બોલેરો વચ્ચે ગમખ્વાર અકસ્માતઃ બોલેરો પલટી જતાં ૧૨ લોકો ઘાયલ







ઈકો કારમાંથી દેશી દારૂની કોથળીઓ મળી

ગોંડલઃ ગોંડલના મોવિયા અને શ્રીનાથગઢ વચ્ચે ગુરુવારે એક ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો. ૦૯ ૪૨૩૫ નંબરની ઈકો કાર અને ૧૪ ૩૬૫૫ નંબરની બોલેરો યુટિલિટી વચ્ચે થયેલા અકસ્માતમાં બોલેરો પલટી જતાં ૧૨ લોકોને ઈજાઓ પહોંચી હતી, જેમાં ૨ યુવાનો અને ૧૦ મહિલાઓનો સમાવેશ થાય છે.

ઘટનાની જાણ થતાં કોલીથડ અને મોવિયા ગામની બે એમ્બ્યુલન્સ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. તમામ ઘાયલોને સારવાર માટે ગોંડલની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. વિશેષ નોંધનીય બાબત એ છે કે અકસ્માતગ્રસ્ત ઈકો કારમાંથી દેશી દારૂની કોથળીઓ પણ મળી આવી હતી.

ઘાયલ થયેલા લોકોમાં રાંદલના દડવા ગામના જસાણી દેવરાજ ચંદુભાઈ અને પીન્ટુ દીનુભાઈ જેસાણી નામના બે યુવકો ઉપરાંત જસાણી દક્ષા ચંદુભાઈ, લલીતાબેન દિનુભાઈ, જેસાણી કુંદનબેન નિલેશભાઈ, જેસાણી પલ્લવીબેન નિલેશભાઈ, જેસાણી કોમલબેન જીતુભાઈ, જેસાણી સોનલબેન જયસુખભાઈ તેમજ ઘૂઘરાળા ગામના મહીડા કુસુમબેન કેશુભાઈ, મહીડા સોનલ કેશુભાઈ, મંજુલાબેન અમરસિંહ ખુમાણ અને નર્મદાબેન અરજણભાઈ ખુમાણનો સમાવેશ થાય છે. અકસ્માતની જાણ થતાં આસપાસના વિસ્તારમાંથી મોટી સંખ્યામાં લોકો ઘટનાસ્થળે એકત્રિત થયા હતા.

# રાજ્યમાં ચાઈનીઝ દોરી ઘુસાડી દેવાયાની શંકા,રાજકોટમાં વધુ ૧૯ ફીરકી ઝડપાઈ

## ચાઈનીઝ દોરી ક્યાંથી કોણે ઘુસાડી તેના મૂળમાં જવા તપાસ થતી નથી

રાજકોટ પંખીઓના અને નિર્દોષ માણસોના ગળા કાપતી ચાઈનીઝ દોરી ઉપર તેમજ કાચ વગેરે માંજાથી પાયેલી દોરી ઉપર પ્રતિબંધ હોવા છતાં ગુજરાતમાં ચાઈનીઝ દોરી ઘુસાડી દેવાયાની શંકા તેના ખુલ્લેઆમ વેચાણ પકડાતા ઉઠી છે તો દોરો પાનારા હજુ પણ હાનિકારક રસાયણો,પદાર્થોનો દોરીમાં ઉપયોગ કરે છે. રાજકોટ પોલીસે આજે વધુ ૧૯ ફીરકીઓ પકડી હતી અને હજુ પકડવાની બાકી હોય તે કેટલી તે સવાલ છે.

પોલીસસૂત્રો અનુસાર નવાગામ મેઈનરોડ પર આરોપી ૧૭ વર્ષનો સગીર મોનો સ્કાય લખેલ ૧૪ ચાઈનીઝ ફીરકી સાથે ઝડપાતા તેના વિરુધ્ધ ગુનો નોંધાયો છે. જ્યારે ઢેબરરોડ પર વિરાણી અઘાટ વિસ્તારમાં જાહેર રોડ પર આરોપી નૈમીષ ચંદુભાઈ રાઠોડ (ઉ.૨૧,રહે.વેલનાથ સોસાયટી) ચાઈનીઝ દોરાની મોટા કદની ૫ ફીરકી સાથે ઝડપાયેલ છે. આવા અનેક કેસ રાજકોટમાં નોંધાયા છે પરંતુ, ચાઈનીઝ દોરી ચીનથી આવી કઈ રીતે તે હજુ પણ તપાસનો વિષય છે અને તે મૂળ સુધી જવા તપાસનો અભાવ જણાય છે.

આ ઉપરાંત પતંગ દોરાને લોખંડનો પાવડર, કાચ સહિત હાનિકારક પદાર્થોથી પાકો બનાવતા રૈયારોડ પર રૈયા ચોક પાસે ઉત્તમ ગણપતભાઈ પટ્ટણીને તેમજ નાણાવટી ચોક પાસે રવી રમેશભાઈ પટણીને પોલીસે ઝડપીને જાહેરનામા ભંગ સહિતના ગુના નોંધ્યા હતા.

એક તરફ અત્યંત ઘાતક નિવડતી ચાઈનીઝ દોરી અને કાચના ભુકા વગેરે પાઈને પાકા કરેલા દોરા બેફામ વેચાઈ રહ્યા છે, કેટલાક ઝડપાય છે ત્યારે બીજી તરફ ઉત્તરાયણના દિવસે અને આસપાસના દિવસોમાં સવારે ૯ પહેલા અને સાંજે ૪ પછી પંખીઓને (અને માણસોને પણ) બચાવવા પતંગો નહીં ઉડાડવાની અપીલ ખાસ કરીને સાંજના સમયે પાળવામાં આવતી નથી.



# પતંગના પેચ લગાવવા મોંઘા પડશે ૧૦ થી ૨૦ ટકાનો ભાવ વધારો

રાજકોટ : ઉતરાયણના પર્વને ગણતરીના દિવસો બાકી છે ત્યારે ચાલુ વર્ષે ઉતરાયણના તહેવાર પર પતંગ અને દોરીના ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે તેના કારણે એકંદરે હાલ બજારમાં પતંગ અને દોરીની ખરીદીમાં ઓછી ભીડ જોવા મળી રહી છે ત્યારે બીજી બાજુ સરકાર દ્વારા કાચ પાયેલી દોરી પર અંતિમ દિવસોમાં પ્રતિબંધ મુકવામાં આવતા હોલસેલ તેમજ રીટેલ વેપારીઓને મોટાપાયે નુકશાન જવાની ભીતી પણ સેવાઈ રહી છે.

ઉતરાયણ એટલે નાના ભુલકાઓથી લઈ મોટેરાઓ અને યુવકોનો મનપસંદ તહેવાર. ત્યારે ચાલુ વર્ષે પતંગ અને દોરીના ભાવમાં ગત વર્ષની સરખામણીએ અંદાજે ૧૦થી ૨૦ ટકા જેટલો વધારો નોંધાયો છે. જેના કારણે બજારમાં હાલ જોઈએ તેવી ઘરાકી રહેતી નથી આથી વેપારીઓમાં પણ ચિંતા જોવા મળી રહી છે. જે મામલે પતંગ અને દોરીનું વર્ષોથી હોલસેલ વેપાર કરતા વેપારી ફારૂકભાઈ મેમણ અને તુષારભાઈ શાસ્ત્રીના જણાવ્યા મુજબ પતંગ બનાવવાની મજુરીકામમાં તેમજ કોટન દોરાના ભાવમાં વધારો આવવાથી ચાલુ વર્ષે પતંગ અને દોરીના ભાવમાં વધારો નોંધાયો છે તેમ છતાંય ધીરે ધીરે ઘરાકી વધી રહી છે અને અંતિમ દિવસોમાં સારી ઘરાકી રહે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

## હાઈકોર્ટે કાચ પાયેલી દોરી પર છેલ્લી ઘડીએ પ્રતિબંધ ફરમાવતા વેપારીઓની હાલત કફોડી : છેલ્લી ઘડીએ ઘરાકી નિકળવાની વેપારીઓને આશા

ચાલુ વર્ષે વડાપ્રધાન મોદી, હેપી ન્યુ યર-૨૦૨૫, અયોધ્યા રામ મંદિર, બુલેટ ટ્રેન જેવા પતંગોનું વેચાણ થઇ રહ્યું છે. જ્યારે ભુલકાઓમાં સ્પાઈડરમેન, હનુમાન, ડોરેમોન, બેનટેન, છોટા ભીમ, બાર્બી, મોટુપતલુ જેવા પતંગોનો ક્રેઝ જોવા મળી રહ્યો છે. જ્યારે દોરીમાં પણ બરેલી, સુરતી માંજો સહિતની દોરીઓ અલગ-અલગ બ્રાન્ડની બજારમાં વેચાણમાં જોવા મળી રહી છે. ચાલું વર્ષે બજારમાં પતંગનાં એક પંજાના ભાવ રૂા.૧૦થી રૂા.૮૦ સુધીમાં વેચાઈ રહ્યાં છે જ્યારે તૈયાર દોરીમાં ૧૦૦૦ વારની ફિરકી રૂા.૧૦૦થી લઈ રૂા.૫૦૦ સુધીમાં વેચાણ થઈ રહ્યું છે જ્યારે ૨૫૦૦ વારની ફિરકી રૂા.૫૦૦થી લઈ રૂા.૧૨૦૦ સુધીની રેન્જમાં વેચાઈ રહી છે. આમ પતંગ તેમજ દોરીના ભાવમાં ગત વર્ષની સરખામણીએ ૧૦થી ૨૦ ટકાનો વધારો નોંધાતા ઝાલાવાડવાસીઓને ઉતરાયણ મોંધી પડે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. ચાઈનીઝ દોરી પર પ્રતિબંધ હોવા છતાં જિલ્લામાંથી છાના ખુણે ફિરકીઓ સાથે શખ્સો છેલ્લા ૮-૧૦ દિવસથી પોલીસ દ્વારા ઝડપી પાડવામાં આવતા પ્રતિબંધીત ચાઈનીઝ દોરીનું વેચાણ થતું હોવાની ફરિયાદો ઉઠી છે. મોંધવારી, ભાવ વધારો અને હાઈકોર્ટની નવી ગાઈડ લાઈનને કારણે પતંગ અને દોરીનું વેચાણ કરતા વેપારીઓમાં ઘરાકીને ધ્યાને લઈ ચિંતા જોવા મળી રહી છે. અને ઘરાકી નહીં રહે તો નુકસાની જવાની પણ ભીતી સેવાઈ રહી છે. ઝાલાવાડમાં ઉતરાયણના પર્વ પર લાખોની કિંમતના પતંગ અને દોરીનું વેચાણ થાય છે જેને ધ્યાને લઈ જિલ્લાના પતંગ અને દોરીના વેપારીઓએ અગાઉથી સ્ટોક કરી લીધો હતો. તાજેતરમાં હાઈકોર્ટ દ્વારા પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના વેચાણ બાદ હવે નાયલોન દોરી તેમજ કાચ પાયેલી દોરી પણ અંતિમ દિવસોમાં પ્રતિબંધ ફરમાવતા વેપારીઓમાં કચવાટ જોવા મળી રહ્યો છે અને લાખોની કિંમતનો માલ સંગ્રહ કરી રાખ્યો છે પરંતુ સરકારની નવી ગાઈડ લાઈનના કારણે મોટાપાયે વેપારીઓને નુકશાની જવાની ભીતી સેવાઈ રહી છે.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

# કાણકિયા કોલેજમાં રાષ્ટ્રીય યુવા દિવસ નિમિત્તે 'રસ્સા ખેંચ સ્પર્ધા' યોજાઈ




સાવરકુંડલા, તા. ૧૩ઃ સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ, સાવરકુંડલા દ્વારા ૧૨ મી જાન્યુઆરી સ્વામી વિવેકાનંદજીની જન્મ જયંતી (રાષ્ટ્રીય યુવા દિવસ)ની ઉજવણી નિમિત્તે શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રી વી.ડી. કાણકિયા આર્ટ્સ અને શ્રી એમ. આર. સંઘવી કોમર્સ કોલેજ,સાવરકુંડલા ખાતે આજરોજ સાવરકુંડલા-લીલીયા વિસ્તારના લોકલાડીલા અને વિકાસશીલ ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલાસાહેબના અધ્યક્ષ સ્થાને કોલેજના વિદ્યાર્થીઓ માટે ''રસ્સા ખેંચ સ્પર્ધા''નું ભવ્ય આયોજન થયું. જેમાં સાવરકુંડલા નગરપાલિકા પ્રમુખશ્રી મેહુલભાઈ ત્રિવેદી, સાવરકુંડલા શહેર ભાજપ પ્રમુખશ્રી અનિરુદ્ધસિંહ રાઠોડ, પૂર્વ શહેર ભાજપ પ્રમુખશ્રી પ્રવીણભાઈ સાવજ, સાવરકુંડલા નગરપાલિકા ઉપપ્રમુખશ્રી પ્રતીકભાઈ નાકરાણી, નગરપાલિકા દંડકશ્રી અજયભાઈ ખુમાણ, સેનીટેશન વિભાગના ચેરમેનશ્રી હેમાંગભાઈ ગઢીયા, નગરપાલિકા સદસ્યશ્રી કિશોરભાઈ બુહા શ્રી કરસનભાઈ આલ તેમજ ભારતીય જનતા પાર્ટીના અગ્રણી શ્રી પ્રાગજીભાઈ બુહા, ભૂપતભાઈ પાનસુરીયા, હસુભાઈ ચાવડા, અમિતભાઈ પંડ્યા, ભાવેશભાઈ વિકમા અને વિવિધ અગ્રણીશ્રીઓની પ્રેરક ઉપસ્થિત રહી હતી.

સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ, સાવરકુંડલાના સંયોજક નીરજભાઈ ત્રિવેદી, ગિરીશભાઈ નંદોલિયા તથા લક્ષિતભાઈ મહેતા દ્વારા સમગ્ર કાર્યક્રમનું આયોજન થયેલ.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોલેજના પ્રિન્સિપાલશ્રી રવિયા સાહેબ દ્વારા કરવામાં આવ્યું.

વિદ્યાર્થીઓને નામ નોંધણીથી લઈ અને સ્પર્ધામાં તમામ સ્તરે અધ્યાપક શ્રી પટોળીયા સાહેબે તેમજ રાડીયા સાહેબે માર્ગદર્શન કર્યું. રમત-ગમત કમિટીના અધ્યાપકશ્રી અર્જુનસિંહ પરમાર તેમજ શ્રી હાર્દિકભાઈ ઉદેશી દ્વારા સ્પર્ધાનું જજમેન્ટ કરી વિજેતા ટીમ અંગેની જાહેરાત કરવામાં આવી. ઉપરાંત અન્ય અધ્યાપકશ્રીઓએ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી. ભાઈઓની કુલ ચાર ટીમ વચ્ચે સેમિફાઇનલ મેચ રમાડવામાં આવી અને અંતે ફાઇનલમાં ઞ.ઢઈ.ઈધખ. ની ટીમ વિજેતા બની. તેવી જ રીતે બહેનોની કુલ ચાર ટીમ ની સ્પર્ધામાં S.Y.B.COM.ની બહેનોની ટીમ વિજેતા થઈ હતી.

# જસદણમાં મંગળવારે શહેરીજનો લાખો રૂપિયાનું ઉંધીયું ઝાપટી જશેઃ પતંગના પેચ સાથે મનના પેચ પણ લાગશે



જસદણ, તા. ૧૩ઃ જસદણમાં કાલે મંગળવારે મકરસંક્રાંતિ પર્વની શહેરીજનો રંગેચંગેથી ઉજવણી કરશે આ અંગે ખાસ કરીને પતંગ રસિયાઓ હજારો રૂપિયા ખર્ચી પતંગ અને દોરાની ખરીદી કરી રહ્યા છે મંગળવારે સવારે દરેક પતંગ રસિયાઓ અગાસીઓમાં મ્યુઝિક સિસ્ટમ સાથે ગોઠવાઈ પતંગ ચગાવવાની મજા સાથે મનના પેચ પણ લગાવશે આમ તો મકરસંક્રાંતિ દાન પુણ્યનું મુખ્યત્વે પર્વ છે એ અનુસંધાને જસદણ શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ રાઠોડએ જસદણના નાગરિકોને શુભેચ્છા પાઠવી હતી અને જણાવ્યું હતું કે પતંગ રસિયાઓ સરકારની ગાઈડ લાઈનનું ચુસ્ત રીતે પાલન કરે તો કોઈપણ રીતે બનતાં અકસ્માતોથી બચી શકાય જસદણની પ્રજા આમ તો સ્વાદ રસિક છે ત્યારે લાખો રૂપિયાનુ ઉંધીયું ઝાપટી જશે આ વર્ષે શાકભાજી ઉપરાંત ખાદ્ય તેલમાં ઘટાડો હોવાથી લોકોને ઉંધીયું સસ્તું મળે એવાં એંધાણ છે ગત દિવાળીમાં બસો થી અઢીસો રૂપિયાના કીલોના ભાવે ઉંધીયું વેચાયું હતું પણ હાલમાં લીલા શાકભાજીની આવક હોવાથી શીંગતેલ સિવાય અન્ય ઓઈલમાંથી બનાવેલ ઉંધીયું સસ્તા ભાવે વેચાણ પણ મોટાં પાયે થશે તેથી ગરીબ મધ્યમ વર્ગના લોકોને રાહત રહેશે આમ ઉત્તરાયણ પર્વને લઈને શહેરીજનોમાં અનેરો થનગનાટ પ્રવર્તી રહ્યો છે.

## સફાઈ કામદારોની ભરતીમાં થનારો અન્યાય દુર કરો કમિશનરને રજૂઆત



રાજકોટઃ મ્યુનિ. કોર્પોરેશનમાં સફાઈ કામદારોની ભરતી માટે કરાયેલા ઠરાવમાં રહેલી કાયદાકીય વિસંગતતા દુર કરવા રાજકોટ કામદાર યુનિયને કમિશનરને આવેદનપત્ર પાઠવ્યું છે.યુનિયનના પારસ બેડીયા તથા અન્યોએ રજુઆતમાં જણાવ્યું હતું કે, કોર્પો.માં ૫૩૨ સફાઈ કામદારની ભરતી માટે સરકારે મંજૂરી આપી છે. પરંતુ જનરલ બોર્ડમાં કરાયેલા ઠરાવમાં અનેક વિસંગતતા દેખાય છે.ઉમેદવારના માતા-પિતા કે દાદા-દાદી સફાઈ કામદાર રહી ચૂક્યા હોય તો જ તેમની પસંદગી કરવામાં આવશે. આથી વિધવા, ત્યકતા, વિકલાંગો, ક્યારેય આ યોજનાનો લાભ લઈ શકે તેમ નથી. આ વર્ગની મજાક થઈ હોય તેવું લાગે છે. વાલ્મીકી સમાજના આ ગંભીર પ્રશ્નનો યોગ્ય ઉકેલ લાવવા યુનિયને માંગણી કરી છે.

નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Dt.13/1/2025 MONDAY


# રાજકોટ ગેરકાયદેસર દેશી બનાવટની પીસ્ટલ સાથે ઈસમોને પકડી પાડતી ગાંધીગ્રામ-૨ પોલીસ

રાજકોટ, તા. ૧૩ઃ રાજકોટ શહેર તા.૧૧/૧/૨૦૨૫ ના રોજ રાજકોટ શહેરમાંથી અસામાજીક પ્રવૃતિ સદંતર નેસ્ત નાબુદ થાય તથા આમ જનતાને શાંતિ સલામતીનો અહેસાસ થાય તે હેતુથી ગેરકાયદેસર પ્રવૃતિ અટકાવવા સુચના કરેલ હોય, જેથી ડ.ઈ એચ.એન.પટેલ ના માર્ગદર્શન મુજબ ડી-સ્ટાફ વી.જી.ડોડીયા તથા કર્મચારીઓ નાઓ પ્રયત્નશીલ હોય જે દરમ્યાન ડી-સ્ટાફના કર્મચારીઓ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન ક્રિપાલસિંહ ઝાલા, ગોપાલસિંહ જાડેજા, દિવ્યરાજસિંહ જાડેજા નાઓને ખાનગીરાહે હકિકત મળેલ કે, નવા બનતા ફનબ્લાસ્ટ ગેમઝોન ની પાછળના ભાગે અવાવરૂ રોડ ઉપર નીચે જણાવેલ આરોપીને પીસ્ટલ સાથે ઝડપી પાડી ધોરણસર


રીપોર્ટરઃ હેમલ વિઠલાણી

કાર્યવાહી કરવામાં આવેલ છે. (૧) આશીષકુમાર બીરેન્દ્ર પ્રસાદ રહે, ખોડીયારનગર શેરીનં.૧૦ પુનિતનગર ટાંકા પાસે ૧૫૦ ફૂટ રીંગ રોડ રાજકોટ મુળ ગામ જ્ઞાનપુર, થાના-કોઈલવર તા.જી.ભોજપુર બિહાર (૨) નથુનકુમાર ઉર્ફે રીતેશ શિવજનમ પ્રસાદ રહે.ખોડીયારનગર શેરીનં.૧૦ પુનિતનગર ટાંકા પાસે ૧૫૦ ફુટ રીંગ રોડ રાજકોટ મુળ.ગામ જ્ઞાનપુર, થાના-કોઈલવર તા.જી.ભોજપુર બિહાર ગેરકાયદેસર દેશી હાથ બનાવટ ની પિસ્ટલ કિ.૨૦,૦૦૦ રાજકોટ શહેર ગાંધીગ્રામ-૨ (યુનિ.) પો.સ્ટે. આર્મ્સ એકટ કલમ-૨૫ (૧-બ) (ફ) તથા ઈગજ કલમ-૨૨૩ તથા જી.પી.એકટ કલમ-૧૩૫ મુજબ નો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.



રાજકોટ શહેર પોલીસ કમિશનર શ્રી બ્રિજેશ કુમાર ઝા સાહેબ તેમજ અધિક પોલીસ કમિશનર શ્રી મહેન્દ્ર બગડીયા સાહેબના માર્ગદર્શન હેઠળ તા.૧૦/૦૧/૨૦૨૫ ના રોજ રાજકોટ શહેર ભક્તિનગર પોલીસ સ્ટેશન ખાતે આગામી મકર સંક્રાંતિ તહેવાર આવનાર હોય અને ટુ વ્હીલ વાહન ચાલકોની સેફ્ટી માટે ગાડીના આગળના ભાગે સેફ્ટી ગાર્ડ લગાડવામાં આવેલ હતા. જે દરમિયાન રાજકોટ શહેર ભક્તિનગર પોલીસ સ્ટેશનના PI શ્રી એમ.એમ.સરવૈયા સાહેબ, PSI એમ.એન.વસાવા સાહેબ તેમજ પોલીસ સ્ટાફ સાથે પીપલ્સ ફોર પોલીસ ફાઉન્ડેશન રાજકોટ ટીમ સહભાગી બની હાજર રહેલ હતા.

## રેલવે તંત્રની લોકોને ટ્રેકની ઉપર આવેલ હાઈ વોલ્ટેજ ઈલેક્ટ્રીક વાયરથી સાવચેત રહેવાની અપીલ

રાજકોટ, તા. ૧૩ઃ રેલવે તંત્ર દ્વારા બધા લોકોને જાણ કરવામાં આવે છે કે રાજકોટ ડિવિઝનના તમામ સેક્શનમાં રેલવે લાઈનો પર ૨૫૦૦૦ વોલ્ટના ઓવરહેડ વાયરો લગાવવામાં આવ્યા છે. આ ૨૫૦૦૦ વોલ્ટના વાયરોમાં પતંગની દોરીઓ ફસાઈ હોવાનું જોવામાં આવ્યું છે. રેલવે કર્મચારીઓએ ટ્રેક પર કામ કરતી વખતે આ વાયરોના સંપર્કમાં ન આવે તેની કાળજી લેવી જોઈએ કારણ કે ઈલેક્ટ્રિક શોકને કારણે જીવનું જોખમ રહેલું છે. આ ઉપરાંત સામાન્ય લોકો પણ રેલવે ટ્રેક પાસે પતંગ ઉડાવે છે અને ઓવરહેડ વાયરમાંથી પતંગ કાઢવાનો પ્રયાસ કરે છે. તો સૌને વિનંતી છે કે રેલવે ટ્રેક પાસે પતંગ ઉડાવવાનું ટાળો અને રેલવેના હાઈ વોલ્ટેજ ટ્રેક્શન વાયરમાંથી પતંગ કાઢવાનો પ્રયાસ ન કરે અને સામાજિક હિતને ધ્યાનમાં રાખીને શક્ય તેટલું અન્ય લોકોને આ બાબતની જાણ કરે.


રીપોર્ટરઃ જાડેજા કરણસિંહ પી. ધ્રોલ

આજ રોજ ધ્રોલ તાલુકા હોમ ગાર્ડ યુનિટ દ્વારા સત્કાર સમારંભ તથા વિદાય સમારંભ યોજાય ગયો જેમાં સંમભારના અધ્યક્ષ શ્રી જી એલ સરવૈયા સાહેબ શ્રી તથા મુખ્ય મહેમાન શ્રી મેઘજીભાઈ ચાવડા પી આઈ એચ વી રાઠોડ સાહેબ તથા પી જી પનારા સાહેબ વિદાય મેળવનાર દેવેન્દ્ર સિંહ એસ ગોહિલ અને હરીશભાઈ એમ માધવાચાર્ય મુકેશ ભાઈ વી વેદ તથા ધ્રોલ હોમ ગાર્ડ યુનિટ કમાડીગ ઓફિસ રસ જીતુભાઈ પરમાર તથા અન્ય હોમ ગાર્ડ મેમ્બરો તથા અન્ય ગ્રામજનો હાજર રહેતા હોય છે.

## વાપીમાં બ્લોકને કારણે રાજકોટ ડિવિઝનની બે ટ્રેનોને અસર બંને ટ્રેનો રીશેડ્યુલ

રાજકોટઃ વાપીમાં બ્લોકને કારણે રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી ૨ ટ્રેનોને અસર થશે,પશ્ચિમ રેલવેના મુંબઈ ડિવિઝનમાં આવેલા વાપીમાં રોડ અન્ડર બ્રિજ બનાવવા માટે બગવાડા-વાપી સેક્શનમાં બ્લોક લેવામાં આવશે. આ બ્લોકના કારણે રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી બે ટ્રેનોને અસર થશે.૧. ૧૪ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ પોરબંદરથી દોડતી ટ્રેન નંબર ૨૦૯૬૮ પોરબંદર-સિકંદરાબાદ સુપરફાસ્ટ એક્સપ્રેસ ૨ કલાક ૧૦ મિનિટ રીશેડ્યુલ કરવામાં આવશે.૨. ૧૩ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ પોરબંદરથી દોડતી ટ્રેન નંબર ૧૯૦૧૬ પોરબંદર-દાદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ ૧ કલાક ૪૦ મિનિટ રીશેડ્યુલ કરવામાં આવશે.રેલવે તંત્ર મુસાફરોને વિનંતી કરે છે કે તેઓ ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને તેમની મુસાફરી શરૂ કરે અને ટ્રેનની કામગીરી સંબંધિત નવીનતમ અપડેટ્સ માટે www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લે જેથી કરીને કોઈ અસુવિધા ન થાય.જનસંપર્ક કાર્યાલય, પશ્ચિમ રેલ્વે, રાજકોટ ડિવિઝન.

# સૌરાષ્ટ્ર-કચ્છમાં ૨૪ કલાકમાં તાપમાન ૬ ડિગ્રી ગગડ્યું

■ **વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરો પૂર્ણ થતાં ગુજરાતમાં ભુક્કા બોલાવતી ઠંડીએ જોર પકડ્યું; બે-ત્રણ દિવસ ઠંડીનું જોર યથાવત રહેશે**



અમદાવાદ, તા. ૧૩: ગુજરાતમાં બેથી ત્રણ દિવસના ઠંડીમાંથી વિરામ બાદ ફરી એક વખત ઠંડીનું જોર વધ્યું છે. રાજ્યના વિવિધ જિલ્લાઓનું લઘુતમ તાપમાન ૨થી ૬ ડિગ્રી સેલ્સિયસ સુધી ઘટતા ગુજરાતવાસીઓ ભુક્કા બોલાવતી ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. હજુ પણ આગામી બેથી ત્રણ દિવસ ઠંડીનું જોર યથાવત રહેવાની શક્યતાઓ છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાત પર આવતા પવનોની દિશા બદલાતા ફરી એક વખત ઠંડીનું જોર વધ્યું છે જે ઉત્તરાયણ સુધી યથાવત રહેવાની સંભાવના છે.

હવામાન વિભાગની આગાહી મુજબ ગુજરાતમાં લઘુતમ તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર કચ્છના કેટલાક જિલ્લાઓમાં ફક્ત ૨૪ જ કલાકમાં લઘુતમ તાપમાનમાં પાંચથી છ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો આવ્યો છે જેથી વાતાવરણમાં એકાએક ઠંડક પ્રસરી છે. આ ઉપરાંત ઉત્તર મધ્ય અને દક્ષિણ ગુજરાતના ભાગોમાં પણ લઘુતમ તાપમાનમાં બેથી ચાર ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો આવ્યો છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરો પૂર્ણ થતા ફરી એક વખત લઘુતમ તાપમાન ગગડ્યું છે.

આ ઉપરાંત હાલમાં ગુજરાત ઉપર ઉત્તર તથા ઉત્તર પૂર્વ દિશા તરફથી હિમવર્ષા થયા બાદના ઠંડા બર્ફીલા પવનો ગુજરાત તરફ આવી રહ્યા છે. જેથી તાપમાનમાં ઘટાડો આવી રહ્યો છે.

છેલ્લા ૨૪ કલાકમાં ગુજરાતમાં સૌથી ઓછું ૫.૬ ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નલિયામાં નોંધાયું હતું. મહત્ત્વનું છે કે, નલિયામાં ફક્ત ૨૪ જ કલાકમાં લઘુતમ તાપમાનમાં છ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો નોંધાયો છે. આ ઉપરાંત રાજકોટમાં પણ ૨૪ કલાકમાં છ ડિગ્રી સેલ્સિયસ તાપમાન ઘટીને ગતરાત્રિએ ૧૦.૪ ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું હતું.

આ ઉપરાંત અમરેલી અને પોરબંદરમાં ૧૧ ડિગ્રી સેલ્સિયસ કરતાં ઓછું લઘુતમ તાપમાન નોંધાયું હતું. જ્યારે રાજ્યનાં અન્ય ત્રણ મહાનગરોમાં પણ લઘુતમ તાપમાનમાં ત્રણ ડિગ્રી સેલ્સિયસ સુધીનો ઘટાડો નોંધાયો છે. અમદાવાદમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૧૩.૯ ડિગ્રી સેલ્સિયસ, વડોદરામાં ૧૪.૮ ડિગ્રી સેલ્સિયસ અને સુરતમાં ૧૭.૧ ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું હતું.

# ખાનગી શાળાને ટક્કર મારે તેવી સરકારી શાળા

■ **ભગવતીપરામાં રૂ. ૧૯.૩૮ કરોડના ખર્ચે બનેલી આધુનિક હાઈસ્કૂલનું રૂપાલાનાં હસ્તે લોકાર્પણ, છાત્રો માટે અભ્યાસ સહિત સ્પોર્ટ્સની આધુનિક સુવિધા**



રાજકોટ, તા. ૧૩: રાજકોટમાં લાખો રૂપિયા ફી ઉઘરાવતી ખાનગી શાળાને ટક્કર મારે તેવી સરકારી શાળાનું મનપાએ ભગવતીપરા ખાતે નિર્માણ કર્યું છે. રૂ. ૧૯.૩૮ કરોડના ખર્ચે નિર્માણ પામેલી હાઈસ્કૂલનું આજે રાજકોટનાં સાંસદ પુરુષોત્તમ રૂપાલાનાં હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. શાળામાં છાત્રોને અભ્યાસ સહિત સ્પોર્ટ્સની આધુનિક સુવિધાઓ મળશે. અલ્પવિકસિત ગણાતા આ વિસ્તારમાં નિર્માણ પામેલી હાઈસ્કૂલનાં કારણે ગરીબ પરિવારના છાત્રોને ઉચ્ચ શિક્ષણ નિઃશુલ્ક મળી રહેશે. આજરોજ સ્વામી વિવેકાનંદની જન્મજયંતી હોવાથી રૂપાલાએ દરખાસ્ત કરતા શાળાને સ્વામી વિવેકાનંદનું નામ આપવા નિર્ણય લેવાયો છે.

હાલ આધુનિક સમયમાં શિક્ષણ ખૂબ મોંઘુ છે. વાલીઓ પોતાની આવકમાંથી મોટા ભાગનો ખર્ચ બાળકોને સારો અભ્યાસ મળી રહે તે માટે કરતા હોય છે. જોકે કેટલાક ગરીબ વર્ગનાં લોકો પોતાના બાળકોને સારી શાળાઓમાં અભ્યાસ કરાવવા સક્ષમ નહીં હોવાને કારણે ભણાવાનું છોડાવી દેતા હોવાનું પણ જોવા મળે છે. ત્યારે શહેરનાં ભગવતીપરા વિસ્તારના છાત્રોને ઉચ્ચ શિક્ષણ મળી રહે તે માટે ૨૯ હજાર ચો.મી.માં રૂ. ૧૯.૩૮ કરોડનાં ખર્ચે સૌથી મોટી સરકારી હાઈસ્કૂલનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેમાં અંદાજે ૨૦૦૦થી વધુ છાત્રોને અભ્યાસ સહિત સ્પોર્ટ્સની આધુનિક સુવિધા મળતા ગરીબોના બાળકો અભ્યાસની સાથે સ્પોર્ટ્સમાં પણ આગળ વધી શકશે.

રાજકોટ મનપા દ્વારા અત્યાધુનિક પ્રાથમિક સ્કૂલો બાદ ભગવતીપરા ખાતે સૌથી મોટી હાયરસેકન્ડરી સ્કૂલનું નિર્માણ કરવામાં આવ્યું છે. હાઈસ્કૂલમાં કુલ ૫૦ રૂમો પૈકી ૨૯ અદ્યતન કલાસરૂમો હશે. ગરીબ વર્ગના બાળકો અભ્યાસની સાથે રમત-ગમત ક્ષેત્રે આગળ આવી શકે તે માટે ખાસ આ સ્કૂલમાં બેડમિંટન કોર્ટ, ટેબલ ટેનિસ કોર્ટ, વોલીબોલ કોર્ટ, કબડ્ડી ગ્રાઉન્ડ અને એથ્લેટિક ટ્રેક સહિત વિવિધ સ્પોર્ટ્સની તમામ આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

હાઈસ્કૂલમાં ૩૧૬૦ ચો.મી. બિલ્ડીંગ એરિયામાં ૨૫૨૦ ચોમી બાંધકામ કરવામાં આવ્યું છે. જેમાં કુલ ૫૦ રૂમ પૈકી ૨૯ કલાસ રૂમ, ૪ ટોયલેટ અને ૪ વોટરરૂમ હશે અને ૨ સ્ટાફ રૂમ, ૨એક્ટિવિટી રૂમ, ૨ ચિલ્ડ્રન ટોય(રમકડા) રૂમ, ૧ અદ્યતન લાઈબ્રેરી, ૧ ઈ-લાઈબ્રેરી ૧ વિજ્ઞાન પ્રયોગની લેબોરેટરી, આધુનિક કોમ્પ્યુટર સાથે ૧ કોમ્પ્યુટર લેબ, ૧ કાઉન્સિલ રૂમ, ૧ એડમીનીસ્ટ્રેશન રૂમ અને ૧ પ્રિન્સીપાલ ઓફિસ, સહિત ૧ એકાઉન્ટ રૂમ પણ તૈયાર કરવામાં આવ્યો છે.

આ સરકારી શાળામાં લગભગ ૨ હજાર વિદ્યાર્થીઓ સારી રીતે અભ્યાસ કરી શકે અને ભગવતીપરા નજીક રહેતા છાત્રોને નજીવી ફીમાં ઉચ્ચ શિક્ષણ મળી રહે તે માટેની સગવડ ઉભી કરવામાં આવી રહી છે. આ સ્કૂલમાં માત્ર કલાસરૂમ નહીં પણ કોમ્પ્યુટર લેબ, લાયબ્રેરી તેમજ સ્પોર્ટ્સની તમામ આધુનિક સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

ગરીબ પરિવારનાં બાળકોને ઉચ્ચ શિક્ષણ મળી રહે તે માટે કુલ ૨ એકર જેટલી વિશાળ જગ્યામાં આ શાળાનું નિર્માણ કરવામાં આવ્યું છે અને સાંસદ રૂપાલાની સહમતીથી શાળાનું નામ સ્વામી વિવેકાનંદ કરવાનો નિર્ણય લેવાયો છે.

# ડેસ્ટિનેશન વેડિંગનો ક્રેઝ વધતા લગ્ન નોંધણી ઘટી

## ■ રાજકોટમાં ૫ વર્ષમાં પ્રથમવાર લગ્ન નોંધણીમાં ઘટાડો, જાણો લગ્ન નોંધણી માટે જરૂરી પુરાવાઓનું લીસ્ટ

રાજકોટ, તા. ૧૩: રાજકોટ મનપા દ્વારા વર્ષ ૨૦૦૮થી લગ્નની નોંધણી શરૂ કરવામાં આવી છે. જેમાં સામાન્ય રીતે દરવર્ષે નોંધણીમાં વધારો થઈ રહ્યો છે. જોકે, ગતવર્ષની તુલનાએ ૨૦૨૪માં ઓછા લગ્નો નોંધાયા હોવાનું સામે આવ્યું છે. ૨૦૨૩માં ૭૬૦૩ લગ્નની નોંધણી થઈ હતી. જેની સામે ૨૦૨૪માં માત્ર ૭૩૭૩ લગ્નો નોંધાયા હતા. એટલે કે, ૨૦૨૩ કરતા ૨૦૨૪માં નોંધણી વધવાને બદલે ૨૩૦નો ઘટાડો નોંધાયો હતો. હાલ પાર્ટી પ્લોટ અને ડેસ્ટિનેશન વેડિંગનું ચલણ વધ્યું છે. જેના કારણે રાજકોટની હદ બહાર થતા લગ્નો વધતા ૨૦૨૪માં નોંધણી ઘટી છે.

પ્રાપ્ત વિગત મુજબ હવે લગ્ન કર્યા બાદ તેનું રજિસ્ટ્રેશન કાયદાની દૃષ્ટિએ અનિવાર્ય બન્યું છે, ત્યારે રાજકોટ મહાનગરપાલિકામાં પૂરા થયેલા વર્ષ ૨૦૨૪માં ૭૩૭૩ નવયુગલોએ લગ્નની નોંધણી કરાવીને પ્રમાણપત્ર મેળવ્યા છે. છેલ્લા ૧૭ વર્ષમાં રાજકોટમાં કુલ ૮૫,૮૮૩ યુગલોએ તેમના લગ્નની નોંધણી કરાવી છે. જેમાં વર્ષ ૨૦૨૨માં ૭,૪૭૮, ૨૦૨૩માં ૭,૬૦૩ અને ૨૦૨૪માં ૭,૩૭૩ લગ્નના સર્ટિફિકેટ મનપાએ ઇશ્યૂ કર્યા છે. આરોગ્ય વિભાગમાં ચકાસણી સાથે આ નોંધણી કરવામાં આવે છે. તો અમુક કેસમાં પોલીસ વેરિફિકેશન સુધી તપાસ કરવામાં આવે છે.

રાજકોટ મનપા દ્વારા એકંદરે ફોર્મ અને નિયમ મુજબના ડોક્યુમેન્ટ રજૂ કરવામાં આવે એટલે લગ્નની નોંધણીનું સર્ટિફિકેટ એક સપ્તાહમાં મળી જાય છે. જેમાં વર્ષ ૨૦૨૪માં સૌથી વધુ લગ્નો ફેબ્રુઆરીમાં ૭૫૨, એપ્રિલમાં ૭૭૭, મેમાં ૭૪૩ અને જૂનમાં ૭૩૯ લગ્નની નોંધણી થઈ છે. સામાન્ય રીતે દરવર્ષે એપ્રિલથી મે મહિના સુધી સૌથી વધુ લગ્નો નોંધાતા હોય છે. લગ્નની નોંધણી માટે લોકોને વારંવાર ધક્કા ખાવા પડતા હોવાની તેમજ લાંબી લાઈનોમાં ઉભું રહેવું પડતું હોવાની ફરિયાદો પણ લોકોમાં ઉઠતી હોય છે.

રાજકોટ મનપા દ્વારા શહેરની હદમાં થતા લગ્નો નોંધાય છે. જોકે, હાલમાં ડેસ્ટિનેશન વેડિંગ અને શહેરની બહાર મસમોટા પાર્ટીપ્લોટમાં લગ્નનું ચલણ વધ્યું છે. આ લગ્નો મનપાની હદમાં આવતા ન હોવાથી તેની નોંધ મનપા દ્વારા કરી શકાતી નથી. જેને લઈને લગ્નોની સંખ્યામાં વધારો થવા છતાં છેલ્લા વર્ષમાં ગતવર્ષની સરખામણીએ નોંધણી ઘટી છે. જોકે, વર્ષ ૨૦૦૮ પછી ઉત્તરોત્તર દરવર્ષ લગ્નની નોંધણી વધતી હતી, પરંતુ ૨૦૦૮ બાદ પ્રથમવાર ૨૦૨૪માં ૨૩૦ લગ્નો ઓછા નોંધાયા હોવાનું સામે આવ્યું છે.

રાજકોટ મનપાના આરોગ્ય અધિકારી ડો. જયેશ વાંકાણીએ જણાવ્યું હતું કે, આરોગ્ય વિભાગ દ્વારા રજિસ્ટ્રેશનના હોદ્દાની રૂએ મેરેજ રજિસ્ટ્રેશન વર્ષ ૨૦૦૮થી કરવામાં આવી રહ્યું છે. હાલ વર્ષ ૨૦૨૪ના અંત સુધીમાં ૮૫,૮૮૩ લગ્નો નોંધાઈ ચૂક્યા છે. સમાન્ય રીતે છેલ્લા ત્રણ વર્ષથી અંદાજે વાર્ષિક ૭,૫૦૦ જેટલા લગ્નોનું રજિસ્ટ્રેશન થાય છે. પરંતુ મનપાની હદ બહાર થતા લગ્નોની નોંધ મનપા દ્વારા કરવામાં આવતી નથી. જેના કારણે ગતવર્ષ ૨૦૨૩ કરતા ૨૦૨૪ની નોંધણીમાં સામાન્ય ઘટાડો થયો છે. આ સિવાય ઘટાડો થવાનું કોઇ કારણ જણાતું નથી.

લગ્ન નોંધણી માટે લાંબી લાઈનો અને ધક્કા થતા હોય તેવી ફરિયાદો અંગે આરોગ્ય અધિકારીએ જણાવ્યું હતું કે, લગ્ન નોંધણી ખૂબ જ સેન્સેટિવ ડોક્યુમેન્ટ છે. તેથી તેની નોંધણી માટે દસ્તાવેજોની પૂરતી ચકાસણી જરૂરી હોય છે. જન્મ-મરણ અને લગ્ન નોંધણીના ડોક્યુમેન્ટના આધારે અન્ય મહત્વના ડોક્યુમેન્ટ ભવિષ્યમાં નીકળતા હોય છે, ત્યારે તમામ જોગવાઈને અનુસરીને ચૂસ્તપણે ચકાસણી કર્યા બાદ જ મેરેજ રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ ઈશ્યૂ કરવામાં આવે છે. આ અંગેની પૂરતી જાણકારી ન હોવાથી ઘણીવાર લોકોને ધક્કા ખાવા પડતા હોય છે. જોકે, આગામી સમયમાં ઓનલાઈન પ્રક્રિયા શરૂ કરવામાં આવે તેવી શક્યતા હોવાથી ધક્કા અને લાઈનો દૂર થશે.

ઉલ્લેખનીય છે કે, મનપા દ્વારા વર્ષ ૨૦૦૮થી લગ્ન માટેનું રજિસ્ટ્રેશન શરૂ કરવામાં આવ્યું છે. ધીમે ધીમે લોકોમાં પણ લગ્નની નોંધણી માટે જાગૃતિ વધી છે. જેને લઈને વર્ષ ૨૦૦૮ના ૩,૬૧૨ સામે વર્ષ ૨૦૨૪માં ડબલ કરતા વધુ એટલે કે, ૭,૩૭૩ લગ્નો નોંધાયા છે. જોકે, આ માટે પ્રક્રિયા જટિલ હોવાથી પ્રમાણમાં થોડો સમય વધુ લાગતો હોય છે, પરંતુ તમામ દસ્તાવેજ યોગ્ય હોય તો એક સપ્તાહમાં મેરેજ સર્ટી મળી જાય છે. આ નોંધણી માટે વર-કન્યાની ઉંમર અને બંનેની હયાતીની ખાસ ચકાસણી કરવામાં આવે છે.



# ગુજરાતથી ૩ લાખ શ્રદ્ધાળુઓ મહાકુંભમાં સામેલ થવા પ્રયાગરાજ જશે, ૨૦થી વધુ સ્પેશિયલ ટ્રેન



ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં યોજાનારા મહાકુંભને આડે હવે ગણતરીના દિવસ બાકી રહ્યા છે. ૧૩મી જાન્યુઆરીથી ૨૬મી ફેબ્રુઆરી સુધી યોજાનારા મહાકુંભમાં આ વખતે ગુજરાતમાંથી ત્રણ લાખથી વધુ શ્રદ્ધાળુઓ પ્રયાગરાજ પહોંચે તેવી શક્યતા છે. મહાકુંભ માટે રાજ્યમાંથી ૨૦થી વધુ સ્પેશિયલ ટ્રેન તેમજ અમદાવાદથી પ્રયાગરાજની ફ્લાઈટની પણ જાહેરાત કરવામાં આવી છે. અમદાવાદથી પ્રયાગરાજની ફ્લાઈટનું ભાડું રૂપિયા ૧૪ હજારને પાર થઈ ગયું છે.દર ૧૨ વર્ષે યોજાતા મહાકુંભમાં ભાગ લેવાનો લહાવો લેવા માટે ગુજરાતથી અનેક લોકો ખાનગી બસ, કાર દ્વારા પ્રયાગરાજ પહોંચવાનું આયોજન કરી રહ્યા છે. આ ઉપરાંત ટ્રેનોમાં વેઈટિંગ પણ સતત વધી રહ્યું છે. અમદાવાદથી પ્રયાગરાજ માટે જે નિયમિત ટ્રેન ચાલે છે તેમાં આગામી ૨૬મી ફેબ્રુઆરી સુધી ૧૦૦ કરતાં વધુનું વેઈટિંગ છે. અમદાવાદ-બરાઉની એક્સપ્રેસમાં સ્લિપર ક્લાસમાં આગામી ૨૬મી ફેબ્રુઆરી સુધી ‘રિગ્રેટ’ની જાહેરાત કરી દેવાઈ છે.ટ્રેનોમાં બુકિંગ નહીં મળતાં કેટલાક પ્રાઈવેટ ટૂર ઓપરેટર્સ દ્વારા અમદાવાદથી પ્રયાગરાજ વચ્ચે બસ પણ શરૂ કરવામાં આવી છે. અમદાવાદથી પાંચ જેટલી ખાનગી બસ માટે ૩૫ કલાકની મુસાફરી માટે આ બસનું ભાડું રૂપિયા બે હજારથી લઈને રૂપિયા પાંચ હજાર સુધીનું છે. ફ્લાઈટની વાત કરવામાં આવે તો અમદાવાદથી આ ફ્લાઈટ સવારે ૮:૧૦ના ઉપડીને સવારે ૯:૫૫ના પ્રયાગરાજ પહોંચાડશે. આ ફ્લાઈટ માટે રૂપિયા ૬ હજારથી લઈને રૂપિયા ૧૪ હજાર સુધીનું ભાડું જોવા મળે છે. આ ઉપરાંત અનેક ગામ-સોસાયટી દ્વારા ખાનગી બસ ભાડે કરીને પ્રયાગરાજ પહોંચવાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જાણકારોના મતે, ગુજરાતમાંથી કેટલા લોકો પ્રયાગરાજ પહોંચશે તેનો ચોક્કસ આંકડો કહેવો મુશ્કેલ છે. પરંતુ આ વખતે ૩થી ૫ લાખ લોકો ગુજરાતથી મહાકુંભમાં ભાગ લેશે.

ગુજરાતમાંથી મોટાભાગના સંતો પણ પ્રયાગરાજ પહોંચી ગયા છે. પ્રયાગરાજ ખાતે તેમના દ્વારા ભંડારાનો પ્રારંભ પણ કરી દેવામાં આવ્યો છે. આ અંગે વિશ્વ હિન્દુ પરિષદના ગુજરાત ક્ષેત્રના જનરલ સેક્રેટરી અશોક રાવલે જણાવ્યું કે, ‘મહાકુંભ દરમિયાન ગુજરાતમાંથી ભાગ લઈ રહેલા શ્રદ્ધાળુઓને કોઈ અગવડ પડે નહીં માટે ભંડારા સહિતની વ્યવસ્થા કરવામાં આવી છે.’ મહાકુંભમાં વીએચપીના ઉપક્રમે સાધ્વી સંમેલન, યુવા સંત સંમેલન, ધર્મ પ્રસાર અખિલ ભારતીય બેઠક, ધર્મ પ્રસાર સંત બેઠક, ગૌરક્ષા અખિલ ભારતીય બેઠક, ગૌરક્ષા સંમેલન સહિતનું પણ આયોજન કરાયું છે.

## રાજકોટના રસ્તા હજુ પણ ભંગાર, આંતરિક માર્ગો પર તોતિંગ ગાબડાં

**શહેર બહારનો કાલાવડ રોડ ડામર કાર્પેટ પણ ઈશ્વરીયા,અવધરોડ સહિત માર્ગો ભંગાર, સ્વામિ.મંદિર પાસે મગરમચ્છોની ચામડી જેવો,માધાપર ચોક, કોઠારીયામાં સ્થિતિ કફોડી**



રાજકોટ : રાજકોટના કોર્પોરેટરને ધારાસભ્યની ટિકીટ આપ્યા બાદ તેમને ૮ કેબીનેટ મંત્રીઓમાં પણ સમાવેશ કરાયો અને સમાજ કલ્યાણનો વિભાગ અપાયો પરંતુ,તેમ છતાં રાજકોટના રસ્તાનું કલ્યાણ થયું નથી. નેતાઓએ જ્યાં કરોડોની જમીનો ખરીદી છે તે કાલાવડ રોડ, યુનિ.રોડ સહિત વેસ્ટઝોનમાં પણ આંતરિક રસ્તાઓની હાલત અત્યંત ભંગાર થઈ ગઈ છે જેની સામાન્ય મરમ્મત પણ થતી નથી.

શહેરની બહાર કાલાવડ રોડને વાજડી પાસે ડામરકાર્પેટ કરવામાં આવ્યો છે પરંતુ, આ સ્થળેથી ઈશ્વરીયા ગામ કે જ્યાં આયુર્વેદ કોલેજ સહિત અનેક શૈક્ષણિક સંસ્થાઓ આવી હોય સતત અવરજવર રહે છે તે રોડ સીંગલ પટ્ટી અને અત્યંત ભંગાર છે જે મંત્રીઓ કે ધારાસભ્યો સુધારી શક્યા નથી.આ જ રીતે ગૌરવપથ ગણાતા કોટેચાચોકથી મહિલા કોલેજ અન્ડરપાસ વચ્ચે સૌથી ધમધમતા કાલાવડ રોડ લેવલ વગરનો ઉબડખાબડ થઈ જવા છતાં ત્યાં ડામરકાર્પેટ કરાઈ નથી. તો કાલાવડ રોડથી અવધ તરફ જતો રોડ હોય કે અન્ય આંતરિક માર્ગો તેની હાલત કફોડી છે.માધાપર ચોક અને આસપાસના માર્ગો પણ બિસ્માર છે તો આગળ નવાગામ-આણંદપર પાસે ગીચ ટ્રાફિક રહે છે છતાં રસ્તા સુધાર્યા નથી. કોઠારીયાથી માંડીને વાવડી,મવડીના વિસ્તારોમાં રસ્તાના ઠેકાણા નથી અને આંદોલન થાય ત્યારે જ તેના પર તંત્રનું ધ્યાન જાય છે. આર.ટી.ઓ.,માર્કેટ યાર્ડ પાસે પણ રસ્તો બિસ્માર છે. શહેરના અને આસપાસના મહાપાલિકા, માર્ગ-મકાન વિભાગ, રૂડા,નેશનલ હાઈવે, પંચાયત સહિતના માર્ગો પર ઈજનેરો અને શાસનકર્તાની ખોરી દાનત એ રીતે જોવા મળે છે કે કાં તો લાખો કરોડોનું આંધણ કરીને લાંબા સમયે ડામરકાર્પેટ કરાય છે પરંતુ, રસ્તા પર છૂટાછવાયા ગાબડાં પડ્યા હોય અને ત્યાં કાયમ હજારો લોકો પસાર થતા હોય છતાં તેની સમથળ પેચવર્કથી મરમ્મત કરાતી નથી. લોકો સહન કર્યે જાય છે અને તંત્ર આંખ આડા કાન કર્યે જાય છે.

## આ વર્ષે ગુજરાતમાં ઘઉં, મકાઈ, ચણા, ડુંગળી, બટાટાના મબલખ પાકની ધારણા

**રવી સીઝનમાં તમાકુનું વાવેતર પણ ગત વર્ષ કરતા ૨૬ હજાર હેક્ટર વધી ગયું, વરિયાળી, લસણ, જુવારનું વાવેતર હજુ મંદ**

રાજકોટ : રાજ્યમાં અને સમગ્ર દેશમાં આ વર્ષે ઘઉંનું વાવેતર નોંધપાત્ર વધ્યું છે, રાજ્યમાં ગત વર્ષે ૧૧.૯૫ લાખ સામે ૧૩.૧૬ લાખ હે.માં ઘઉંના બીજ રોપાયા છે તો ચણાનું વાવેતર પણ ૨.૧૦ લાખ હેક્ટર વધીને ૮.૩૯ લાખ હેક્ટર થયું છે. ઉપરાંત મકાઈનું નોર્મલ વાર્ષિક વાવેતર કરતા ૨૮ ટકા વધ્યું છે અને ડુંગળી-બટાટાનું વાવેતર પણ ગત વર્ષની સાપેક્ષે નોંધપાત્ર વધારા સાથે અનુકૂળ હવામાન રહે તેવી આશા સાથે આ વર્ષે આ તમામનો મબલખ પાક મળવાની ધારણા બંધાઈ રહી છે.

ડુંગળીની માર્કેટ યાર્ડમાં ધોધમાર આવક આવી રહી છે અને આરંભમાં તો ગત વર્ષ કરતા ખૂબ સારા ભાવ મળ્યાહતા અને હાલ ભાવ નીચા ઉતરીને જળવાયા છે ત્યારે રાજ્યમાં શીયાળામાં દર વર્ષે આ સીઝનમાં સરેરાશ ૭૬ હજાર હેક્ટર સામે અને ગત વર્ષે આજ સુધીમાં ૬૮,૬૩૬ હે. સામે આ વર્ષે વાવેતર ૯૨ હજાર હેક્ટરને પાર થયું છે.આ ઉપરાંત ઔષધીય પાક પણ વ્યસન માટે વપરાતા તમાકુનું વાવેતર પણ રવી સીઝનમાં સરેરાશ ૧.૩૭ લાખ અને ગત વર્ષે આજ સુધીમાં ૧.૩૨ લાખ હેક્ટર સામે આ વર્ષે નોંધપાત્ર વધારો થયો છે અને ૧.૫૮ લાખ હેક્ટરને પાર થયું છે. જ્યારે વરિયાળી, લસણ, જુવારના વાવેતરમાં સુસ્તી જોવા મળી છે તો ધાણા અને જીરૂનું વાવેતર ગત વર્ષોની સાપેક્ષે જળવાઈ રહેશે.

નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Dt.13/1/2025 MONDAY 

# રાજકોટનું આકાશ રંગાયું પતંગોના રંગે







રાજકોટઃ સાંસદ શ્રી પરશોત્તમભાઇ રૂપાલાના હસ્તે રાજકોટ સ્થિત ધર્મેન્દ્રસિંહજી કોલેજ ખાતે 'આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ'નો શુભારંભ થયો હતો.આ તકે સાંસદશ્રી રૂપાલાએ જણાવ્યું હતું કે,પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતના તળપદા તહેવાર ઉત્તરાયણને આંતરરાષ્ટ્રીય પતંગ ઉત્સવ સુધીની ગરિમા સુધી પહોંચાડ્યો છે. પ્રધાનમંત્રીશ્રીએ યોગ, ધ્યાન, ઉત્તરાયણ જેવા આપણા સાંસ્કૃતિક પર્વોને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ અપાવી છે. તેમણે પતંગોત્સવ થકી ઉદ્યોગ, રોજગારી અને પ્રવાસનને વેગ આપ્યો છે.

આ સાથે પતંગ થકી જીવનની શીખને સમજાવતા સાંસદશ્રીએ કહ્યું હતું કે, પતંગ માનવીને પોતાના મૂળ સ્ત્રોત, પોતાની સંસ્કૃતિ સાથે જોડાયેલા રહેવાની શીખ આપે છે, તે ઉપદેશ આપે છે કે, જયાં સુધી આપણે મૂળ સાથે જોડાયેલા છીએ ત્યાં સુધી જ ઉડાનને પ્રાપ્ત કરી શકીએ છીએ.

સંસ્કૃતિનું જોડાણ તૂટતા આપણી પતંગ કપાઈને જમીન દોસ્ત થઈ જાય છે.આ પ્રસંગે રાજકોટ મહાનગરપાલિકાના મેયર શ્રી નયનાબેન પેઢડીયાએ આગામી મકરસંક્રાંતિ પર્વની શુભકામના પાઠવી જણાવ્યું હતું કે, રંગીલા શહેર રાજકોટમાં રંગીલો પતંગોત્સવએ અભૂતપૂર્વ નજારો બની રહેશે ત્યારે જીવનમાં પણ પતંગ અવનવું શીખવી જાય છે જેમ કે, સહકાર,સંપ, કરુણા જેવા પતંગોને ચગાવી જીવનને ઉન્નત લઈ જવું અને મોહ,કામ,ક્રોધ જેવા પતંગોને કાપીને તેનાથી દૂર થવું એ ઉતરાયણ પર્વ માનવને શીખવી જાય છે.

રાજકોટ મહાનગરપાલિકા અને ગુજરાત પ્રવાસન નિગમ લિ.ના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૫માં નેધરલેન્ડ, વિયેતનામ, ઈટલી, સ્પેન, ગ્રીસ, પોલેન્ડ, સ્વિત્ઝર્લેન્ડ, પોર્ટુગલ, સાઉથ આફ્રિકા, યુ. એસ., રશિયા, લિથુઆનિયા જેવા ૧૬થી વધુ દેશોના અને પંજાબ, રાજસ્થાન રાજ્યના પતંગબાજોએ ભાગ લઈ અવનવા કરતબો કરી લોકોને મંત્રમુગ્ધ કર્યા હતા.


સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી જયમીન ઠાકરે સ્વાગત પ્રવચન દ્વારા સર્વનું સ્વાગત અભિવાદન કર્યુ હતું. આર.એમ.સી. કમિશનર શ્રી તુષાર સુમેરાએ વિદેશથી પધારેલા પતંગબાજોને ભારતીય સંસ્કૃતિમાં પતંગોત્સવના મહત્વ વિશેની જાણકારી આપી હતી. આ કાર્યક્રમમાં ડેપ્યુટી મેયર શ્રી નરેન્દ્રસિંહ જાડેજા, સાંસદ શ્રી રામભાઈ મોકરીયા, ધારાસભ્યો સર્વ શ્રી રમેશભાઈ ટીલાળા, શ્રી દર્શિતાબેન શાહ, દંડક શ્રી મનીષભાઈ રાડીયા, સમાજ કલ્યાણ સમિતિના ચેરમેન શ્રી સુરેન્દ્રસિંહ વાળા, શિક્ષણ સમિતિ ચેરમેન શ્રી વિક્રમભાઈ પુજારા, અગ્રણી શ્રી મુકેશભાઈ દોશી, કોર્પોરેટરશ્રીઓ અને રાજકોટના નાગરિકો બહોળી સંખ્યામાં સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.


# આમ્રપાલી અંડરબ્રીજમાં લીકેજ પર થીગડા મરાયાઃ વાહનોના સ્પેરપાર્ટસ છુટા કરી નાખતા થર્મોપ્લાસ્ટ!

### ફાટકનો સૌથી મોટો પ્રશ્ન હલ થયો પણ કિસાનપરા ચોકમાં રોજ સાંજે ટ્રાફિકની અંધાધૂંધી યથાવતઃ પાણી લીક થતા ગંદકીના ઢગલાઃ કોર્પો.એ કેમીકલ ફીલીંગ કર્યુ

રાજકોટ, તા. ૧૧

શહેરની મધ્યમાં બનેલા અને રૈયા રોડના ટ્રાફિકના પ્રશ્નને ઘણે અંશે હળવો કરનારા આમ્રપાલી રેલલાઈન હેઠળના અંડરબ્રીજમાં થોડા સમય પહેલા જ વિશાળ ચિત્રો અને કલરકામ કરવામાં આવ્યા બાદ અનેક બેજવાબદાર લોકોએ પાન-માવા થૂંકીને સુશોભન બગાડી નાખ્યું છે. તેવામાં ઘણા સમયથી બ્રીજની દિવાલોમાંથી સીપેજનું પાણી લીક થઈને ઉતરતું હોય, બ્રીજનો રસ્તે ગંદકી પ્રસરી ગઈ છે. આથી અનેક ફરિયાદ અને રજુઆત બાદ બાંધકામ શાખાએ બ્રીજની દિવાલોમાં કેમીકલથી ફીલીંગ કરીને લીકેજ બંધ કરવા પ્રયાસ કર્યો છે.





બ્રીજની બંને તરફ મુખ્ય મધ્ય ભાગમાં લીક પાણીના કારણે કચરો જામી જાય છે. અવારનવાર ત્યાં સફાઈ કરવામાં આવે છે પરંતુ પ્રશ્ન કાયમી ધોરણે હલ થતો ન હોય, વાહનો સ્લીપ થવાનો ભય રહે છે. ગત અઠવાડિયે બ્રીજ વચ્ચે એક વિદ્યાર્થીનીને અકસ્માતમાં ઈજાનો બનાવ પણ બન્યો હતો.

આમ્રપાલી બ્રીજ બનવાથી દિવસમાં ૨૨ થી ૨૪ વખત ફાટક બંધ થવાની અને તે કારણે ટ્રાફિક જામ થવાની સમસ્યા હળવી થઈ છે.રેલ્વેએ બનાવેલો આ બ્રીજ રાહતરૂપ બન્યો છે. જોકે રોજ સાંજે આમ્રપાલી બ્રીજથી કિસાનપરા ચોકમાં બહાર નીકળવાના છેડે બ્રીજ અંદર ટ્રાફિક જામ ઘણી વખત થઈ જાય છે. કિસાનપરા ચોકનું ડિવાઈડર રાત્રે પોલીસ બેરીકેટ મૂકીને બંધ કરી દે છે. આથી બ્રીજમાંથી બહાર નીકળી વાહનોએ મેયર બંગલેથી યુ-ટર્ન લેવો પડે છે. કિસાનપરા ચોકની ચારે તરફ ટ્રાફિક સમસ્યા બ્રીજ બનવા છતાં યથાવત છે તે હકીકત છે.

વધુમાં હવે જામનગર રોડ, સાંઢીયા પુલના નવનિર્માણ માટે બંધ હોય, એસ.ટી. બસ જેવા ભારે વાહનો પણ રૈયા રોડથી અંડરબ્રીજમાં આવે છે. આ કારણે પણ ટ્રાફિકનું ભારણ વધ્યું છે. તેમાં બ્રીજમાંથી પસાર થતા ટુ અને થ્રી વ્હીલર ચાલકોને સંભાળીને નીકળવું પડે છે. આથી જ દિવાલમાંથી લીક થતા સીપેજ વોટરને કેમીકલથી પ્લાસ્ટર મારવામાં આવ્યું છે.

જોકે આ સમસ્યા કાયમી ધોરણે હલ થાય તેવું લોકો ઈચ્છે છે. ચોમાસામાં આ સ્થિતિ રહેતી હોય છે. પરંતુ શિયાળા સુધી પ્રશ્નનો હલ આવતો નથી. છતાં તળમાંથી પાણી સતત વહેતુ હોય, બ્રીજમાં આવું બનતું રહેતુ હોવાનું તંત્ર કહે છે.



ભાજપ સંગઠન નવરચના હવે રાજયમાં અંતિમ તબકકામાં લાંબા સમયથી ચર્ચામાં રહેલા કેબીનેટ રીશફલનો મુદો હાથ પર લેવાય તેવી ધારણા

# ક્મૂરતા પુરા થતા જ મંત્રીમંડળ વિસ્તરણની અટકળો ફરી શરૂ

રાજકોટ ગુજરાતમાં એકતરફ ભાજપના સંગઠનમાં જીલ્લા મહાનગરના ૪૧ પ્રમુખોના નામો અંગે જબરુ સસ્પેન્સ છે અને આ નામો ગમે ત્યારે જાહેર થાય કે પછી વિલંબમાં પડયા છે તેની ચર્ચા છે તે સાથે હવે ક્મુરતા પુરા થતા જ ફરી એક વખત મંત્રીમંડળના પુનરચનાની ચર્ચા શરૂ થઈ છે અને તેમાં ક્ષત્રિય સમાજના અગ્રણીઓ મુખ્યમંત્રીને મળવા પહોંચીને હવે તેમના સમાજને મંત્રીમંડળમાં માનભર્યા સ્થાનની રજુઆત કરતા ચર્ચા વધુ વેગવાન બની છે.

ગુજરાતમાં મંત્રીમંડળ પુનરચના એ લાંબા સમયથી ચર્ચામાં છે. અને બોર્ડ નિગમોમાં પક્ષના કાર્યકર્તાઓથી લઈને જેઓ ધારાસભ્ય બનવામાં વંચિત રહ્યા છે. તે ઉપરાંત અનેક ધારાસભ્યો પણ બોર્ડનિગમમાં ચેરમેન સહિતના પદો પર બેસવા આતુર છે. તેઓને તો ચાર-પાંચ વર્ષની રાહ જોવા સિવાય કોઈ વિકલ્પ રહ્યો નથી. ૨૬થી વધુ બોર્ડ નિગમમાં ભૂતકાળમાં રાજકીય નિયુક્તિમાં થઈ છે.

પણ છેલ્લે કયારે આ પ્રકારે સામુહિક નિયુક્તિ થઈ તે ગુગલ કરવુ પડે તેવી સ્થિતિ છે તો મંત્રીમંડળને પણ ભૂપેન્દ્ર પટેલ સરકારે પ્રથમ અને બીજી ટર્મમાં મર્યાદીત રાખ્યા બાદ ૧૫૬ ઉપરાંત કોંગ્રેસના પાંચ અને હવે વાવ બેઠક પણ ભાજપના ખાતામાં આવી છે.

આમ ૧૬૨ સભ્યો અને બે-ત્રણ અપક્ષો પણ સરકારની સાથે છે. આવી પ્રચંડ બહુમતીથી ભાજપને હવે થોડા ઘણા અસંતોષ પરવા નથી તેવું ધારાસભ્યોના વર્તુળોમાં ચર્ચાય છે અને આ વચ્ચે કમુરતા એ તેમની આશા માટે શેરબજારની ભાષામાં કહીએ તો સપોર્ટ હતો તે નજીક આવતા હવે ફરી ચર્ચા શરૂ થઈ છે.

ખાસ કરીને અમરેલી ઘટનાએ ડેમેજ કંટ્રોલની કોઈ સીસ્ટમ જ નથી તે નિશ્ચિત થયુ છે. અનેક મંત્રીઓની કામગીરીમાં પ્રશ્નો છે અને તમામ ભાટ મુખ્યમંત્રી પર આવી ગયા છે. હવે સંગઠન નવરચના અને પ્રદેશ પ્રમુખની નિયુક્તિ પણ હવે આગામી સપ્તાહમાં આગળ વધશે અને તે બાદ મંત્રીમંડળની પુનરચના હાથ પર લેવાઈ શકે છે અને તેમાં ગઈકાલે રાજપૂત સમાજના અગ્રણીઓ જેમાં ક્ષત્રિય આંદોલનના અગ્રણીઓ રમજુભા જાડેજા અને તૃપ્તીબા રાઓલ પણ હતા. તેઓએ સ્વીકાર્યુ કે સમાજ વતી સરકારમાં મંત્રીમંડળમાં સ્થાન માટે રજુઆત કરાઈ છે.

તેઓએ કહ્યું કે પરસોતમ રૂપાલા પ્રકરણ હવે પુરૂ થઈ ગયુ છે. અમારે રાજકારણ સાથે કઈ લેવા દેવા નથી. પંચાયત ચુંટણીમાં કોને મત આપવો એ સમાજના લોકો સ્વતંત્ર નિર્ણય લઈ શકે છે. આમ ક્ષત્રિય સમાજનું વલણ હવે પણ ભાજપ સાથે ટકકર નહીનુ લીધુ હોવાનું માનવું છે અને તેથી સરકાર તરફથી પણ ક્ષત્રિય સમાજના પ્રતિનિધિઓ જે ભાજપમાં છે. તેઓને મંત્રીમંડળમાં સારા સ્થાને જવાબદારી આપવાની વિચારણા થશે. ભાજપના મહાનગર-જિલ્લા પ્રમુખોની જાહેરાતોનું કાઉન્ટ ડાઉન શરૂ દીવ, દાદરાનગર હવેલીના નામ જાહેર પ્રદેશ પ્રમુખ નકકી કરવા તા. ૧૫-૧૬ ભુપેન્દ્ર યાદવ આવે છે તે પૂર્વે યાદી જાહેર થઇ જશે

આવતીકાલથી ત્રણ દિવસ માટે અમિત શાહ ગુજરાતમાં પાટીલ પણ હાલ રાજયમાં જ છે આગામી સપ્તાહ ગુજરાત ભાજપના સંગઠનની દ્રષ્ટિએ મહત્વનું

ગુજરાત ભાજપની સંગઠન નવરચનામાં હવે જિલ્લા અને મહાનગરના ૪૧ પ્રમુખોના નામોની ગમે ત્યારે જાહેરાત થાય તેવા સંકેત છે અને ત્યારબાદ ઉત્તરાયણ પછી તુર્ત જ પ્રદેશ પ્રમુખનું નામ પણ નિશ્ચિત થઇ જશે તે વચ્ચે દીવ અને દાદરાનગર હવેલીના શહેર અને જિલ્લા પ્રમુખોના નામ જાહેર થતા જ હવે અન્ય જિલ્લા અને મહાનગરોમાં ઉત્સુકતા વધી ગઇ છે અને આજે અથવા આવતીકાલ સુધીમાં નવા નામોની જાહેરાત થઇ જશે તેવા સંકેત છે. બીજી તરફ ગુજરાતમાં પ્રદેશ પ્રમુખ નકકી કરવા માટે કેન્દ્રીય નિરીક્ષક તરીકે નિયુકત થયેલા કેન્દ્રીય મંત્રી ભુપેન્દ્ર યાદવ તા.૧૫ અને ૧૬ ગુજરાત આવી રહ્યા છે અને તેઓની વિદાય બાદ તુર્ત જ દિલ્હીથી ભાજપના પ્રદેશ પ્રમુખનું નામ જાહેર થાય તેવી શકયતા છે આમ હવે આગામી એક સપ્તાહ ગુજરાતમાં પોલીટીકસની દ્રષ્ટિએ ભાજપમાં જબરૂ ઉત્સુકતાનો સમય બની રહે તેવી ધારણા છે. દીવ જિલ્લા પ્રમુખનું નામ જાહેર થયું છે. જેમાં વર્તમાન પ્રમુખ મોહનભાઇ લક્ષ્મણની પસંદગી કરવામા આવી છે તેમને રીપીટ કરવામાં આવ્યા છે. જયારે દાદરાનગર હવેલીના ત્રણ જિલ્લાના પ્રમુખના નામ પણ જાહેર થયા છે. જેમાં સેલવાસમાં શહેર જિલ્લા પ્રમુખ તરીકે શાંતુભાઇ પુજારી, સેલવાસ ગ્રામીણ પ્રમુખ તરીકે દિપકભાઇ પ્રધાન અને ખાનવેલ જિલ્લા પ્રમુખ તરીકે યશવંત ગુટયાનુ નામ જાહેર થયું છે.

# મોરબી - ગાંધીધામના મેન્ટર તરીકે રાજકોટ મહાપાલિકાને જવાબદારી

## નવા કોર્પોરેશનોના મોટા ભાઇ તરીકે જુદા જુદા મહાનગરોને કામ સોંપતા મુખ્યમંત્રી વિકાસ કામોની સ્પર્ધા કરવા ટકોર સાથે ૨૦ કરોડની ગ્રાન્ટની ફાળવણી




રાજકોટ, તા. ૧૧

રાજ્યના ઇતિહાસમાં એક સાથે ૯ નગરપાલિકાને મહાનગરપાલિકામાં રૂપાંતરિત કરવાનો નિર્ણય આયોજનબદ્ધ શહેરી વિકાસની ગતિ માટેની રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે. મુખ્યમંત્રીએ રાજ્યમાં તાજેતરમાં રચાયેલી ૯ મહાનગરપાલિકાના કમિશનર, વહીવટદાર તેમજ અન્ય અધિકારીઓની ગાંધીનગરમાં યોજાયેલી એક દિવસીય કાર્યશાળામાં અધ્યક્ષીય સંબોધન કર્યું હતું. સાથે જ રાજકોટ સહિતના કોર્પોરેશનોને અન્ય મહાપાલિકાના મેન્ટર તરીકેની જવાબદારી પણ સોંપવામાં આવી છે.

તેમણે ઉમેર્યું કે, લોકોમાં હવે વિકાસ માટેની જાગૃતિ આવી છે. એટલું જ નહિં, તેમને આજના બદલાતા યુગમાં પબ્લિક ડિલિવરી અને સર્વિસીસ પણ અસરકારક રીતે જોઈએ છે. આ સંદર્ભમાં રાજ્ય સરકારે આયોજનબદ્ધ શહેરી વિકાસને વેગ આપવા નવી ૯ મહાનગરપાલિકાઓની રચના કરી છે. નગરપાલિકામાંથી મહાનગરપાલિકામાં રૂપાંતરણ થયું છે એટલે આ ટ્રાન્ઝિશનલ સમયગાળા દરમિયાન નાગરિકોને મળતી તમામ સેવા-સુવિધાઓ યથાવત મળતી રહે તે સુનિશ્ચિત કરવાની તેમણે ખાસ હિમાયત કરી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ હેતુસર નવી રચાયેલી મનપાઓની વહીવટી ક્ષમતા વૃદ્ધિ તેમજ રોજબરોજની વહીવટી કામગીરીમાં યોગ્ય માર્ગદર્શન અને મેનપાવર ટ્રેનિંગ માટે હાલની પાંચ મોટી મહાનગરપાલિકાઓને ૧ વર્ષ સુધી નવી મહાનગરપાલિકાઓના મેન્ટર તરીકે કાર્યરત કરવાનો નિર્ણય કર્યો છે.મુખ્યમંત્રીના આ નિર્ણય અનુસાર, અમદાવાદ મહાનગરપાલિકા નવરચિત નડિયાદ અને સુરેન્દ્રનગર મહાપાલિકા માટે, વડોદરા મહાનગરપાલિકા આણંદ મહાપાલિકા માટે, સુરત મહાનગરપાલિકા વાપી અને નવસારી માટે તથા રાજકોટ મહાનગરપાલિકા મોરબી અને ગાંધીધામ માટે તેમજ જામનગર મહાનગરપાલિકા પોરબંદર માટે અને ગાંધીનગર મહાનગરપાલિકા મહેસાણા માટે મેન્ટર તરીકે કાર્યરત રહેશે.

મુખ્યમંત્રીએ કહ્યું કે, મહાનગરપાલિકાની રચના થયા બાદ નાગરિકોને સ્પષ્ટ દેખાઈ આવે તેવો બદલાવ રોડ-રસ્તા, પાણી, ડ્રેનેજ, લાઈટ તથા બાગ-બગીચા જેવા સુવિધાકારી કામોથી હાથ ધરવાનું દાયિત્વ નવનિયુક્ત કમિશનરોએ નિભાવવાનું છે. નવી મહાનગરપાલિકાઓ પોતાના નગરોના વિકાસનો રોડ મેપ તૈયાર કરે. એટલું જ નહિં, વિકાસ કામો માટે નાણાંની જરૂરિયાત અંગે પણ રાજ્ય સરકારમાં રજૂઆત કરે. વિકાસ કામો માટે નાણાંની કોઈ કમી ક્યારેય ન રહે તેવું નાણાં વ્યવસ્થાપન વડાપ્રધાનના નેતૃત્વમાં ગુજરાતે કરેલું છે.

નવી મહાનગરપાલિકાઓને વહીવટી ક્ષમતા વૃદ્ધિ, ઓફિસ સ્ટ્રેન્થનીંગ તથા અન્ય સુવિધાઓ માટે રૂ.૧૦ કરોડ અને શહેરી સફાઈ સહિતના સિટી બ્યુટીફિકેશન કામો માટે રૂ.૧૦ કરોડ મળીને કુલ ૨૦ કરોડ રૂપિયા ફાળવવાની મંજૂરી પણ આ તકે આપી હતી.

તેમણે કહ્યું કે, આ મહાનગરપાલિકાઓમાં વિકાસ કામોની સ્પર્ધા થાય. એટલું જ નહિં, શહેરી જન સુખાકારી કામો માટે નાગરિકોની અપેક્ષા સંતોષાય તેવું વાણી-વર્તન-વ્યવહાર પણ નવી ટીમ પાસે અપેક્ષિત છે.

# ખાદ્યતેલોમાં ફરી તેજી કપાસીયા - પામોલીનમાં રૂા.30 વધ્યા



રાજકોટ તા.૧૧

ખાદ્ય તેલોના ભાવો ફરી એક વખત તેજીના માર્ગે આવી ગયા હોય તેમ બે દિવસમાં 30-30 રૂપિયાનો ભાવવધારો થઈ ગયો હતો. કમુરતાના દિવસોમાં ડિમાન્ડ ઘટી ગયો હોવાથી ભાવો ધીમી ગતિએ દબાતા રહ્યા હતા.

વિશ્વબજારની નબળાઈનો પણ પ્રત્યાઘાત હતો પરંતુ ગઈકાલથી ખાદ્યતેલોમાં એકાએક તેજી થઈ ગઈ હોય તેમ ભાવો ઉંચકાવા લાગ્યા છે. કમુરતા પુરા થતા આવતા સપ્તાહથી લગ્નગાળો અને બારમાસી રીટેલ ઘરાકી વધવાની ગણતરીએ માનસ તેજીનું બન્યુ હતું. તેલબજારના વેપારીઓએ કહ્યું કે ખાદ્યતેલમાં આજે વધુ ૧૫ રૂપિયાનો ભાવવધારો હતો. બે દિવસમાં 30 રૂપિયા વધીને ડબ્બાનો ભાવ ૨૨૦૦ને આંબી ગયો હતો. પામોલીન પણ રૂા.30 વધીને ૨૧૯૦ થયુ હતું.ખાદ્ય તેલોના ભાવો ફરી એક વખત તેજીના માર્ગે આવી ગયા હોય તેમ બે દિવસમાં 30-30 રૂપિયાનો ભાવવધારો થઈ ગયો હતો. કમુરતાના દિવસોમાં ડિમાન્ડ ઘટી ગયો હોવાથી ભાવો ધીમી ગતિએ દબાતા રહ્યા હતા.

# ચાઈનીઝ ઉપરાંત કાચ પાયેલી દોરી પર પ્રતિબંધનો કડક અમલ કરવા વડી અદાલતની સૂચના

## ઉત્તરાયણ પૂર્વે જ પતંગ રસિયાઓને ઉપાધિ કોટન દોરીની છુટ્ટ માગતી વેપારીઓની અરજી પણ હાઈકોર્ટે ફગાવી

અમદાવાદ, તા.૧૧

ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે એક મહત્વના હુકમના માધ્યમથી ચાઈનીઝ ઉપરાંત નાયલોન, કાચ પાયેલ કોટન થ્રેડ દોરી પણ પ્રતિબંધિત કરી દીધી છે. કોટન દોરી જો કાચ પાયેલી હોય તો પણ તે અબોલ પક્ષીઓ અને માનવજીવન માટે ઘાતક બની શકે છે. તેથી આવી દોરી બનાવવા પર પ્રતિબંધ છે તેમ ઠરાવીને હાઈકોર્ટે ઉપરોક્ત આદેશ કર્યો હતો. બીજી બાજુ દોરીના વેપારીઓ દ્વારા કરવામાં આવેલી અરજી પણ હાઈકોર્ટે ફગાવી દીધી હતી. હાઈકોર્ટના આજના હુકમને પગલે હવે કોટન દોરી પણ ગ્લાસકોટેડ કે જોખમી(હાનિકારક)તત્વોથી પાયેલી હોય તેવી તમામ દોરીઓ પ્રતિબંધિત રહેશે તેવી જાહેરાત રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવશે.

કેસની ગુજરાતભરમાં ચાઈનીઝ દોરી, ગ્લાસકોટેડ નાયલોન દોરી તેમજ ચાઈનીઝ ટુક્કલ પર નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ, હાઈકોર્ટ અને પોલીસ ઓથોરીટી દ્વારા કાયદેસર રીતે પ્રતિબંધ ફરમાવાયેલો હોવાછતાં તેના ગેરકાયદે ઉત્પાદન, વેચાણ અને ઉપયોગને લઈ ગુજરાત હાઈકોર્ટ સમક્ષ થયેલી જાહેરહિતની રિટ અરજીમાં સુનાવણી દરમિયાન ખંડપીઠે સ્પષ્ટ કર્યું હતું કે ગુજરાત હાઈકોર્ટના જ અગાઉ આપવાના આવેલા નહુકમ, એનજીટીના આદેશ અને રાજયના ગૃહ વિભાગના તા.૨૪-૧૨-૨૦૨૪ના પરિપત્રના આધારે હાઈકોર્ટે આજે સ્પષ્ટ કર્યું હતું કે, કોટન દોરી જો કાચ પાયેલી હોય તો પણ તે અબોલ પક્ષીઓ અને માનવજીવન માટે ઘાતક બની શકે છે તેથી આવી દોરી બનાવવા પર પ્રતિબંધ છે.

બીજીબાજુ, દોરીઓના વેપારીઓ પણ હાઈકોર્ટમાં આજે આવ્યા હતા અને તેમના વકીલે હાઈકોર્ટ સમક્ષ રાહત માંગી હતી કે, તેમની દોરી કોટન દોરી હોઇ તેને મુકિત આપવી જોઇએ, નહી તો, ઉતરાયણના તહેવારની મજા બગડી જશે. જો કે, વેપારીઓની અરજીનો વિરોધ કરતાં અરજદારપક્ષ તરફથી જણાવ્યું હતું કે, વેપારીઓની માંગણી કોઇપણ રીતે ગ્રાહ્ય રાખી શકાય નહી કારણ કે, વર્ષ ૨૦૧૭થી ગુજરાત હાઈકોર્ટનો આ અંગેનો ચુકાદો છે.નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલનો પણ સ્પષ્ટ આદેશ છે અને આ સિવાય રાજયના ગૃહ વિભાગ તેમ જ પોલીસ ઓથોરીટીના પરિપત્રો અને જાહેરનામા પણ છે અને તેમાં ચાઈનીઝ, નાયલોન, ગ્લાસ કોટેડ, કાચ પાયેલ કોટન થ્રેડ દોરી પર સ્પષ્ટ રીતે પ્રતિબંધ ફરમાવેલો છે. એવી દોરી કે જે કાચ પાયેલ હોય કે અન્ય કોઈપણ જોખમી કે હાનિકારક તત્વોથી પાયેલી હોય તો તેવી તમામ દોરીએ પ્રતિબંધિત જ ઠરે છે.

### માર્ગ સલામતીમાં અવરોધરૂપ પ્રશ્નોની સમિક્ષા કરતા કલેકટર

# જામનગર હાઈવે પર પડધરી પાસે દબાણો હટાવવા કલેકટરનો આદેશ

## માલીયાસણ વિસ્તારના ટ્રાફીક તથા આડેધડ થતા પાર્કીંગના મુદ્દે પગલા લેવા અધિકારીઓને તાકીદ



રાજકોટ,તા.૧૧

રાજકોટ જિલ્લા કલેકટર કચેરી ખાતે કલેકટર પ્રભવજોશીના અધ્યક્ષસ્થાને જિલ્લા માર્ગ સલામતી સમિતીની બેઠક મળી હતી.હાલ રાષ્ટ્રીય માર્ગ સલામતી માસની ઉજવણી ચાલી રહી છે ત્યારે જિલ્લામાં પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી દ્વારા થઈ રહેલી માર્ગ સલામતી જાગૃતિની કામગીરી-ઝુંબેશની વિગતો રજૂ કરવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લામાં માર્ગ સલામતીને લગતા વિવિધ પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠકમાં કલેક્ટરએ રાજકોટ જિલ્લામાં માર્ગ સલામતીમાં અવરોધરૂપ બનતાં પ્રશ્નોની સમીક્ષા કરી હતી. આ સાથે તેના ઉકેલ માટે યોગ્ય સૂચનો કર્યા હતા. તેમણે માલિયાસણ વિસ્તારમાં થતો ટ્રાફિક તેમજ આડેધડ થતાં પાર્કિંગના નિકાલની સૂચના આપી હતી. ઉપરાંત રાજકોટ કુવાડવા વિસ્તારમાં ચાલતી બ્રિજની કામગીરીનો પ્રગતિ અહેવાલ પણ જાણ્યો હતો. ઉપરાંત પડધરી પાસે જામનગર હાઈવે પર હાઈવે પરના દબાણો હટાવવા કલેક્ટરએ સૂચના આપી હતી.

આ બેઠકમાં પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી કેતન ખપેડે હાલ આર.ટી.ઓ. દ્વારા ટ્રાફિક જાગૃતિ ઝુંબેશની વિગતો રજૂ કરી હતી. ખાસ કરીને ભાવિ નાગરિકો અત્યારથી ટ્રાફિક નિયમન તેમજ સલામતીના પાઠ શીખે તે માટે શાળાઓમાં ટ્રાફિક જાગૃતિ ઝુંબેશ ચલાવાઈ રહી છે. ઉપરાંત વાહન વિક્રેતાઓને તાલીમ અપાઈ છે.

જેથી તેઓ વાહન ખરીદતા ગ્રાહકોને ટ્રાફિકના નિયમોના પાલનની સમજ આપી શકે. રાષ્ટ્રીય માર્ગ સલામતી સપ્તાહ આગામી ૩૧મી જાન્યુઆરી સુધી ચાલનાર છે ત્યારે આગામી દિવસોમાં પણ ટ્રાફિક જાગૃતિ કાર્યક્રમો થકી નાગિરકોમાં ટ્રાફિકની શિસ્ત કેળવવાની ઝુંબેશ ચાલુ રહેશે તેમ જણાવાયું હતું.

# પતંગ - દોરાથી વિજ ફોલ્ટ સામે એક્શન પ્લાન

## તમામ ૨૪ સબ ડીવીઝનમાં વધારાનો સ્ટાફ તૈનાત

રાજકોટ, તા.૧૧

પતંગના તહેવાર ઉત્તરાયણ પૂર્વે જ વિક એન્ડ આવી ગયા હોવાથી પતંગરસિયાઓ આગોતરી જ ઉજવણી શરૂ કરી દેવાનું નિશ્ચિત છે. ત્યારે પતંગ-દોરાથી સંભવિત દુર્ઘટના તથા વિજ વિક્ષેપ રોકવા માટે વિજતંત્ર દ્વારા એક્શન પ્લાન લાગૂ કરી દેવામાં આવ્યો છે.

પશ્ચિમ ગુજરાત વિજ કંપની (પીજીવીસીએલ)ના સીટી અધિક્ષક ઇજનેર જે.બી. ઉપાધ્યાયે આજે વાતચીતમાં જણાવ્યું હતું કે, ઉત્તરાયણના તહેવારને લોકો મનભેર માણી શકે અને તે દરમ્યાન કોઇ વિજ વિક્ષેપ કે દુર્ઘટના ન સર્જાય તે માટે પુરતી વ્યવસ્થા કરવામાં આવી છે.

શહેરના તમામ ૨૪ સબડીવીઝનમાં વધારાનો ૨૫૦નો સ્ટાફ ફાળવીને શીફ્ટ ડ્યુટી શિડ્યુલ શરુ કરવામાં આવ્યું છે. પ્રથમ વખત ૨૨ જુનિયર એન્જીનીયરોને પણ મોનીટરીંગની જવાબદારી આપવામાં આવી છે અને સુપરવિઝન માટે બે સીનીયર અધિકારીઓને જવાબદારી રહેશે.

તેઓએ ઉમેર્યું કે આજથી તા.૧૫ સુધી આ ખાસ વ્યવસ્થા અમલમાં રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે ઉત્તરાયણે મોટી માત્રામાં પતંગ ચગાવવામાં આવતી હોય છે. પતંગ-દોરા વિજ વાયર-થાંભલામાં ફસાઇ જતાં હોવાથી વિજ વિક્ષેપ ઉભો થતો હોય છે. ક્યારેક દુર્ઘટના પણ સર્જાતી હોય છે.દર વર્ષે વિજ તંત્ર દ્વારા વ્યવસ્થા કરવામાં આવે જ છે. આ વખતે પણ વિજ ફોલ્ટ ઉભો થાય તો તત્કાળ રીપેરીંગ માટે લાઇન સ્ટાફને પણ ખાસ તાકિદ કરવામાં આવી છે. દરેકે દરેક સબ ડીવીઝનમાં એન્જીનીયરથી માંડીને લાઇન સ્ટાફ રહેશે અને તેમના માટે વધારાના વાહનો પણ ફાળવવામાં આવ્યા છે.

### અડધા દિવસનાં બંધના એલાનને મિશ્ર પ્રતિસાદ સાંપડયો

# અમરેલીનાં લેટરકાંડમાં પીડિત યુવતીને ન્યાય નહી મળે ત્યાં સુધી લડત શરૂ રહેશેઃ પરેશ ધાનાણી

## ૪૮ કલાકનાં ધરણા કાર્યક્રમ પૂર્ણ હવે સોમવારથી સુરતમાં બીજા તબકકાનાં આંદોલનની જાહેરાત




અમરેલી,તા.૧૧

અમરેલી ખાતે છેલ્લા ૪૮ કલાકથી ચાલતા નારી સ્વાભિમાન આંદોલનનાં પ્રથમ તબકકામાં પુર્વ ધારાસભ્ય અને પુર્વ વિપક્ષ નેતા પરેશ ધાનાણીએ અમરેલીની પાટીદાર પીડિત યુવતીને ન્યાય અપાવવા ધરણા યોજી અમરેલી શહેર અડધો દિવસ બંધ રાખવાનું એલાન આપતા આજે શનિવારે અમરેલી શહેર બંધને મિશ્ર પ્રતિસાદ સાંપડયો હતો. જયાં સુધી પીડિત પાટીદાર યુવતીને ન્યાય નહી મળે ત્યાં સુધી લડત શરૂ રહેશે તેમ પરેશ ધાનાણીએ જણાવ્યું છે.

અમરેલી ખાતે છેલ્લા ૪૮ કલાકથી ચાલતા નારી સ્વાભિમાન આંદોલનનો પ્રથમ તબક્કાનું ધારણા કાર્યક્રમ પુર્ણ જાહેર કરી અમરેલીના પુર્વ ધારાસભ્ય અને પુર્વ નેતા વિપક્ષ પરેશ ધાનાણીએ એક્વા નાની બાળકીના હાથે લીંબુ પાણી પીધુ હતું. અને ત્યાર બાદ ઉપવાસી છાવણીને સંબોધીને જણાવ્યું હતું કે, પીડિત યુવતીને ન્યાય આપવા માટે થઈ છેલ્લા ૪૮ કલાકના ઉપવાસ કરવા છતાં અને કહેવાતી સંવેદન સરકારની સંવેદના જગાડવામાં પોતે નિષ્ફળ રહયા છે.

નારી સ્વાભિમાન આંદોલનનો પ્રથમ તબક્કાનું ધારણા કાર્યક્રમ પુર્ણ જાહેર થયા બાદ આગામી સોમવારથી હવે સુરતથી બીજા તબક્કાનો પ્રારંભ કરવાની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, આ લડાઈમાં કોંગ્રેસ પક્ષની નથી , પરંતુ નારીના સ્વાભિમાનની લડાઈ છે તેમાં તમામ સામાજિક આગેવાનો, વેપારી આગેવાનોને આ ન્યાયની લડતમાં સહભાગી થવા જાહેર આમંત્રણ આપ્યું હતું.

આજે બંધની અપીલને લઈ અમરેલી બંધ રાખનાર સૌ કોઈ વેપારીઓનો પણ આ તકે આભાર માન્યો હતો. અને જ્યાં સુધી પીડિત યુવતીને ન્યાય નહીં મળે ત્યાં સુધી આ આંદોલન શરૂ રાખવામાં આવશે તેમ અંતમાં જણાવ્યું હતું.




# રીબડા ઈન્ડસ્ટ્રીયલ એસોસિયનનું સ્નેહમિલન યોજાયું

રીબડા ખાતે સ્વર્ગીય મહિપતસિંહ બાપુ ની દ્વિતીય પુણ્યતિથિ નિમિત્તે ૧ ફેબ્રુઆરીના રોજ મહારક્તદાન કેમ્પ નું આયોજન કરવામાં આવશે જેમાં થેલેસેમિયા પીરિત ગ્રસ્ત લોકો ને આ રક્ત અર્પણ કરવામાં આવશે જેના ભાગરૂપે આજ રોજ રીબડા ઈન્ડસ્ટ્રીઝ એસોસિયન દ્વારા સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ખૂબ જ મોટી સંખ્યામાં રીબડામાં ઈન્ડસ્ટ્રીયલ ઔદ્યોગિક સાહસિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.








# સાવચેતી જાળવીએ, મકરસંક્રાતી મનાવીએ...

## ઉત્તરાયણ પર્વમાં આટલું કરીએ

# પ્રાથમિક સારવારની કીટ તૈયાર રાખો

# પશુઓ અને વાહનોથી સાવચેત રહો

# ધાબા કરતાં ખુલ્લા મેદાનમાં પતંગ ચગાવવો

# ધાબાની પાળી પૂરતી ઊંચી છે તેવી ખાતરી કરો

# માથા ઉપરથી પસાર થતા વીજતારથી દૂર રહો

# વાલીઓએ પતંગ ચગાવતા બાળકો પર નજર રાખવી

# સવારે ૬થી ૮ અને સાંજે ૫થી ૭ના ગાળામાં પક્ષીઓ પાછા ફરતા હોવાથી પતંગ ન ચગાવો

ॐकारा

કર્મ એજ ધર્મ

સનાતન એજ સત્ય

આત્મા એજ પરમાત્મા

સનાતન પુનઃઉત્થાન અને સ્થાપનાના મહાસંકલ્પના ધારક



## પ.પુ. શ્રી ॐ કારા પ્રભુ - ॐ દાદા

હું સૌનો સૌ અમારા, સૌનું સૌને અર્પણ

**: સ્થાપક :**

**(૧) ॐકારા સંપ્રદાય (૨) ॐદાદા ફાઉન્ડેશન (૩) ॐકારા મહાસંઘ**

માણસ ગમે તેટલું ધન કમાશે, પણ એમની મૃત્યુ નોંધ માં તો "નિધન" જ લખાશે. માટે ધન નહિ લોકોની ચાહના અને સત્કર્મો ની મૂડી કમાઓ.. કર્મો પ્રત્યે સજાગ રહીએ...

1. Facebook.com/omkaraprabhuji
2. Instagram.com/omkaraprabhuji
3. X.com/omkaraprabhuji
4. Youtube.com/@omkaraprabhuji
5. whatsapp.com/channel/0029VaE9O9e2v1Ip5ipCAR3n

ॐ જ છે આસ્થા,
ॐ માં છે વિશ્વાસ ॐમાં
છે શક્તિ, ॐમાં છે
સંસ્કાર ॐ થી જ થાય છે
સારા દિવસની શરૂઆત
બોલો ॐ ॐ ॐ


RAVI ENGLISH INSTITUTE ®
SINCE 2003
Ravi ENGLISH INSTITUTE
Where Growth is A Way of Life
A/C Class
ધો.૪ થી ૧૨ તેમજ ટેટ, ટાટ અને
સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તેમજ ઈઝરાયલ
જેવા દેશોમાં કેર ટેકર તરીકે જવા
ઈચ્છુક વ્યકિતઓ માટે અંગ્રેજી ભાષાનું સચોટ શિક્ષણ.
SPOKEN ENGLISH
૧૦૦% રીઝલ્ટ
ઓરીએન્ટેડ ગેરેન્ટી
અંગ્રેજી આટલું સરળ?
એક વખત અચૂક મુલાકાત લો...
Rasik Mehta
+919879329391
Learn English
Language With
Money Back
Guarantee..
FREE
TRIAL
3 DAYS
અમારી વિશિષ્ટતાઓ
બધા લેવલ એક જ ફી માં કરાવતી એકમાત્ર સંસ્થા.
ધોરણ ૫ થી ૧૨ નું અંગ્રેજી વિષયનું શિક્ષણ પણ મેળવો.
દરેક બેચમાં મર્યાદિત સંખ્યા અને વ્યકિતગત માર્ગદર્શન.
ડેઈલી-વિકલી-મંથલી રીવીઝન સીસ્ટમ.
પ્રોજેકટર + કોમ્પ્યુટર દ્વારા આધુનિક શિક્ષણ.
૧૦,૦૦૦ જેટલા વાકયો તેમજ૧૦,૦૦૦ જેટલા
શબ્દોનું જ્ઞાન પિરસતી એકમાત્ર સંસ્થા.
નવી બેચિઝ
ટૂંક સમયમાં શરૂ.
SCAN TO
ENJOY VIDEO
FOLLOW US:
Ravi English Institute
art house
હેડઓફિસ :
''શ્રી હરી કોમ્પલેક્ષ'' પહેલા માળે, યુનિ. રોડ,
ધોળકીયા સ્કુલ સામે, શેરી નં.૭ નો ખુણો,
બોમ્બે હાઉસીંગ સોસાયટી મેઈન રોડ,
રાજકોટ. MO. 98793 29391
બ્રાન્ચ ઓફિસ :
૧૫૦ ફુટ રીંગ રોડ, બાલાજી હોલ પાછળ,
ધોળકીયા સ્કુલ પાસે સાગર ચોક,
શિવમ કોમ્પલેક્ષ, પહેલા માળે, રાજકોટ.
MO. 98245 81306

# સાવચેતી જાળવીએ, મકરસંક્રાતી મનાવીએ...સામના મિરર પરીવારની અપીલ

## ચૂમે ગગનને તમારી ચીલ,
## પણ સાવચેતીમાં ન રાખતા ઢીલ

- **નાયલોન, જરી, ચાઈનીઝ** તેમજ **કાચ પાઉડરવાળા જીવલેણ દોરી વાપરશો નહી**
- ધાબાની અગાસી કરતા **ખુલ્લા મેદાનમાં પતંગ ચગાવવાનું પસંદ કરો**
- **ધાતુનાં પાઈપ / સળિયાનો** ઉપયોગ પતંગ પકડવા કરશો નહી
- **ચાઈનીઝ તુક્કલનો** ઉપયોગ કરવો નહી
- **ટુ-વ્હીલર ચલાવતા સમયે** આગળ **સેફ્ટી સ્ટેન્ડ લગાવો.** તેમજ **હેલ્મેટ અચૂક પહેરો**
- **સવારે 9 વાગ્યા પહેલા** અને **સાંજે 5 વાગ્યા પછી** પતંગ ન ઉડાવીએ, આ સમય પક્ષીઓનો માળામાંથી જવાનો અને પરત આવવાનો સમય છે
- **વીજળીના તાર** અથવા **સબસ્ટેશનમાં** ફસાયેલા પતંગને મેળવવાની લાલચમાં ન પડશો



# આનંદ અને ઉમંગની સાથે સલામતી અને સાવચેતી પણ જરૂરી છે

## આટલુ કરો

- પ્રાથમિક સારવારની કિટ તૈયાર રાખો
- પતંગ ચગાવતાં બાળકોની દેખરેખ રાખવી
- પતંગ ચગાવવાના ધાબાની પાળીની ઊંચાઇ પુરતી છે કે કેમ તેની ખાતરી કરો
- ધાબાની અગાશી કરતાં ખુલ્લા મેદાનમાં પતંગ ચગાવવાનું પસંદ કરો

## આટલુ ના કરો

- વીજળીના તારમાં ફસાયેલા અને સબસ્ટેશનમાં પડેલા પતંગને પાછો મેળવવાની લાલચમાં ન પડશો
- ઢીલા કપડાં ન પહેરવા, માથે ટોપી પહેરવી
- મકાનોના ગીચ વિસ્તારમાં પતંગ ચગાવવા નહિં
- ઢાળવાળી મકાનની છત હોય તેવા મકાન ઉપરથી પતંગ ન ચગાવવો

નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

Daily Morning Newspaper



ડિજિટલ ભારતની સાથે

તમે પણ બનો ડિજિટલ...



તમારા ધંધા-વેપારની જાહેરાત 'સામના મિરર'માં આપી આપના વ્યવસાયને પહોંચાડો લાખો વાંચકો સુધી...





મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા

વોટ્સએપ પર

Hi લખીને મોકલો

98983 17826

અને જોડાઇ જાવ અમારી સાથે...



SAPPHIRE GOLD

Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
RAJKOT | MUMBAI | AHMEDABAD
jmjprojects.in

સેફાયર છે ને.. !!
શું કામ ન મળે સપનાનું ઘર...

2 BHK Flats
618 Carpet

3 BHK Flats
824 Carpet

એકવાર સેમ્પલ ફલેટ તો જુઓ, બીજું કંઈ નહીં ગમે...

@ Raiya Road, Opp. Tulsi Super Market, Rajkot

Contact : 94038 90004

RERA Reg. No.: PR/GJ/RAJKOT/RAJKOT/Others/MAA 12629/111123
Web : gujrera.gujarat.gov.in

# PROPERTY ZONE

(૧) મનહર પ્લોટ શેરી નંબર સાતમાં પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે સામે ખેતીલાયક જમીન ચાલશે ૮૦.હજાર ભાડાની આવક સાથે સામે ખેતીની જમીન ચાલશે

(૨) રૈયા રોડ પર ૩૫૮ વાર જગ્યા વેચવાની છે દરેક ધંધાને અનુરૂપ રોડ ટચ

(૫) પંચવટી સોસાયટી ૩૦૫ વાર પ્લોટ વેચવાનો છે

(૬) પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે ત્રણ બેડરૂમ હોલ કિચન લોકેશન સુભાષ નગર મેઈન રોડ

(૭) રૈયા રોડ આલા ગ્રીન સિટી પાસે ૨ બીએચકે નો ફ્લેટ વેચવાનો છે ૬૮૦ કાર્પેટ, લક્ઝરી ફર્નિચર સાથે સાતમો માળ

**રાજકોટના પોર્સ વિસ્તારમાં પ્રોપર્ટી લે-વેચ કરવા માટે અમારો સંપર્ક કરવો**

**મોબાઈલ નં. ૯૯૨૪૧ ૪૭૦૫૯ રમેશભાઈ વાગડીયા**

# તાત્કાલિક કસમાં ચાલુ વ્યવસાય સાથેનો શોરૂમ વેચવાનો છે

**કાલાવડ રોડ પરિમલ સ્કુલ ની સામે જયસીયારામ ટીસ્ટોલની બાજુમાં મોં. 98983 17826**


7 ACRE OF GRANDIOSITY
IN THE HEART OF RAJKOT
SAPPHIRE
Skyline
Magnificent
4 BHK Flats & Penthouses
KALAVID
Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
JS GROUP
@ KALAWAD ROAD,
NEAR CRYSTAL MALL
Contact Us. 73000 60030 • 92746 11111


લાઈફ ટાઈમ*
ડિમેટ એકાઉન્ટ ફ્રી
AM TRADING
ફ્રી એડવાઈઝરી
EQUITY STOCK
IPO/SME IPO
OPTION TRADING
NIFTY BANK NIFTY
COMODITY
CURRANCY
Design by:- With Me Digital : 9537300305
દરરોજ ફ્રી માહિતી મેળવવા
માટે આપેલ QR CODE SCAN
કરીને જોઈન કરો.
Mayuri Bagadai
63555 17630
AM trading
am_trading71


VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઈ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્‌ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062